

નવસર્જન સંસ્કૃતિ

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 298
Dt.: 03-09-2025,
Wednesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 • Email : navsarjansanskruti2016@gmail.com • Email : navsarjansanskruti2016@yahoo.com • Website : www.navsarjansanskruti.com


### વરસાદ અને પૂરના કારણે ઘણી તબાહી મચી

# પંજાબમાં પૂરથી તબાહી, ૩૦ લોકોનાં મોત, ૧૦૦૦થી વધુ ગામડાઓ ડૂબી ગયા

(સંપૂર્ણ સમાચાર સેવા)પંજાબ,
છેલ્લા કેટલાક દિવસોથી પંજાબમાં સતત વરસાદ અને પૂરના કારણે ભારે વિનાશ સર્જાયો છે. રાજ્યના ઘણા જિલ્લાઓમાં પૂરને કારણે લોકો ઘણી મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. પૂરના કારણે પાક અને ખેડૂતોના પશુઓને ભારે નુકસાન થયું છે. પંજાબમાં સોમવાર સુધીમાં ૩૦ લોકોના મોત થયા છે. સોમવારે ચીનની મુલાકાત બાદ દિલ્હી પહોંચેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સાથે ફોન પર વાત કરી અને રાજ્યમાં વરસાદ અને પૂર અંગે ચર્ચા કરી. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન સોમવારે હોશિયારપુર જિલ્લાના કેટલાક અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લીધી.



પંજાબમાં આવેલા પૂરથી ૧૦ થી વધુ જિલ્લાના ૧,૦૦૦ થી વધુ ગામડાઓ પ્રભાવિત થયા છે. આનાથી ૨.૫ લાખથી વધુ લોકો પ્રભાવિત થયા છે. મુખ્યમંત્રી ભગવંત માનએ દાવો કર્યો છે કે તેમની AAP સરકાર લોકોને દરેક પૈસાના નુકસાન માટે વળતર આપશે. જણાવવામાં આવ્યું છે કે સોમવાર સુધીમાં પંજાબમાં ૩૦ લોકોના મોત થયા છે. બીજી તરફ, કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણના કાર્યાલયે સોમવારે જણાવ્યું હતું કે તેઓ પાકને થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે ટૂંક સમયમાં પંજાબની મુલાકાત લેશે. એક સત્તાવાર નિવેદન અનુસાર, મંત્રીએ વિવિધ રાજ્યોમાં વરસાદની સ્થિતિની સમીક્ષા કરવા માટે એક બેઠક યોજી હતી અને પંજાબમાં પૂર અને પાક પર તેની અસર અંગે અધિકારીઓ સાથે વિગતવાર ચર્ચા કરી હતી. કેબિનેટ મંત્રી હરદીપ સિંહ મુંડિયનએ જણાવ્યું હતું કે પંજાબમાં મુખ્યમંત્રી ભગવંત સિંહ માનના નેતૃત્વ હેઠળની સરકાર દરેક પરિસ્થિતિનો સામનો કરવા અને અસરગ્રસ્ત લોકોને રાહત આપવા માટે સતત સખત મહેનત કરી રહી છે. તેમણે કહ્યું કે પૂરની સ્થિતિને ધ્યાનમાં રાખીને, તમામ અસરગ્રસ્ત જિલ્લાઓમાં મોટા પાયે રાહત કાર્ય કરવામાં આવી રહ્યું છે. ગુરદાસપુરથી ૫૫૪૯, પઠાણકોટથી ૧૧૩૯, અમૃતસરથી ૧૭૦૦, ફિરોઝપુરથી ૩૩૨૧, ફાઝિલકાથી ૨૦૪૯ અને હોશિયારપુરથી ૧૦૫૨ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. બર્નાલામાંથી ૨૫, કપૂરથલામાંથી ૫૧૫, તરનતારનમાંથી ૬૦, મોગામાંથી ૧૧૫ અને માનસામાંથી ૧૬૩ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. બેઘર પરિવારોને તાત્કાલિક રહેઠાણ પૂરું પાડવા માટે પંજાબમાં ૧૨૯ કેમ્પ સ્થાપવામાં આવ્યા છે. અમૃતસરમાં ૧૬, બર્નાલામાં ૧, ફાઝિલ્કામાં ૧૦, ફિરોઝપુરમાં ૮, ગુરદાસપુરમાં ૨૫, હોશિયારપુરમાં ૨૦, કપૂરથલામાં ૪, માનસામાં ૧, મોગામાં ૯, પઠાણકોટમાં ૧૪, સંગરુરમાં ૧ અને પટિયાલા જિલ્લામાં ૨૦ કેમ્પનો સમાવેશ થાય છે.

### ભારતની કંપનીઓને મોટો ફટકો

## દવાઓ પર ૨૦૦ ટકા ટેરિફ લગાવવાની તૈયારીમાં ટ્રમ્પ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી,
અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આયાત થતી દવાઓ પર ૨૦૦% કે તેથી વધુનો ટેરિફ લગાવવાની યોજના બનાવી છે. તેમનો ઉદ્દેશ્ય વિદેશથી દવાઓનું ઉત્પાદન પાછું અમેરિકા લાવવાનો છે. જોકે, તેમણે કંપનીઓને તૈયારીનો સમય આપવા માટે આ ટેરિફ લાગુ કરવામાં લગભગ એકથી દોઢ વર્ષનો વિલંબ કરવાની વાત પણ કહી છે.

મીડિયા રિપોર્ટ્સ અનુસાર, જો અમેરિકા આયાત પર ટેરિફ લગાવશે તો ભારતને અસર થઈ શકે છે. ભારત જેનરિક દવાઓનો મુખ્ય નિકાસકાર હોવાથી, ભારતીય દવા ઉત્પાદકોને નુકસાન થઈ શકે છે અને તેમની નિકાસ પર અસર પડી શકે છે. જોકે, કેટલાક અહેવાલો સૂચવે છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર મુખ્યત્વે ચીનથી આયાત થતી દવાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ટ્રમ્પનો મુખ્ય હેતુ ફાર્મા કંપનીઓને અમેરિકામાં ઉત્પાદન કરવા દબાણ લાવવાનો છે, જેના પર કોઈ ટેરિફ લાગશે નહીં. આ નીતિના કારણે જોન્સન એન્ડ જોન્સન અને રોશ જેવી મોટી કંપનીઓએ પહેલેથી જ અમેરિકામાં રોકાણ વધારવાની જાહેરાત કરી છે. નિષ્ણાતો માને છે કે ટ્રમ્પના ઊંચા ટેરિફથી દવાઓ મોંઘી થશે અને તેની અછત સર્જાઈ શકે છે. આનાથી ખાસ કરીને ઓછો નફો ધરાવતી જેનરિક દવાઓ પર વધુ અસર થશે. વિશ્લેષકોના અંદાજ મુજબ, ફક્ત ૨૫% ટેરિફ પણ અમેરિકામાં દવાઓનો ખર્ચ ૫૧ અબજ ડોલર સુધી વધારી શકે છે.

દવા કંપનીઓ અને ઉદ્યોગોએ આ પગલાની ટીકા કરી છે, કારણ કે તેમને ભય છે કે ટેરિફ R&D અને નવીનતાને નુકસાન પહોંચાડશે.

## PM મોદી, પુતિન અને જિનપિંગની મુલાકાતથી અમેરિકા ભડક્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી,
ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે (૧ સપ્ટેમ્બર) ચીનમાં શાંઘાઈ સહયોગ સંગઠન દરમિયાન રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન સાથે મુલાકાત કરી હતી.

જ્યાં બંને વચ્ચે ખાસ બેઠક પણ થઈ હતી. જોકે, અમેરિકાને આ મીટિંગથી તકલીફ થઈ રહી છે. ટ્રમ્પને ટ્રેડ એડવાઈઝર પીટર નવારોએ આ મામલે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે, ભારતે અમેરિકાની સાથે રહેવું જોઈએ, ન કે રશિયા સાથે. એક અહેવાસ અનુસાર, પીટર નવારોએ કહ્યું કે, 'ભારતે અમારી સાથે રહેવું જોઈએ, ન કે રશિયા સાથે. વડાપ્રધાન મોદી ચીનના પ્રમુખ શી જિનપિંગ અને રશિયાના પ્રમુખ પુતિન સાથે કામ કરી રહ્યા છે, આ યોગ્ય નથી.'

નોંધનીય છે કે, વડાપ્રધાન મોદી એસસીઓ સમિટ દરમિયાન જિનપિંગ સાથે જોવા મળ્યા હતા. વળી, પુતિન પણ મોદી સાથે જોવા મળ્યા હતા.

## અફઘાનિસ્તાનમાં ભૂકંપથી મોતનો આંકડો વધીને ૧૪૧૧ થઈ ગયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અફઘાનિસ્તાન,
અફઘાનિસ્તાનમાં આવેલા ભૂકંપમાં મૃત્યુઆંક ૧૪૧૧ થઈ ગયો છે, જ્યારે ઘાયલોની સંખ્યા ૩૨૫૦ થી વધુ થઈ ગઈ છે. રવિવારે રાત્રે અફઘાનિસ્તાનના જલાલાબાદ નજીક ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. આ સમયે મોટાભાગના લોકો સૂઈ રહ્યા હતા, જેના કારણે તેઓ ઈમારતોના કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

૧ સપ્ટેમ્બરના રોજ, અફઘાનિસ્તાનના પૂર્વી ભાગ, ખાસ કરીને નાંગરહાર અને કુનાર પ્રાંતોમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેના કારણે ભારે વિનાશ થયો હતો. હજારો ઘરો તૂટી પડ્યા, ઘણા ગામો કાટમાળમાં ફેરવાઈ ગયા અને લાખો લોકો બેઘર થઈ ગયા. રવિવારે રાત્રે ૧૧:૪૭ વાગ્યે (સ્થાનિક સમય) ભૂકંપ અનુભવાયો, જ્યારે મોટાભાગના લોકો ઊંઘી રહ્યા હતા, જેના કારણે જાનહાનિની સંખ્યામાં વધુ વધારો થયો. ભૂકંપનું કેન્દ્ર જલાલાબાદથી ૨૭ કિલોમીટર ઉત્તર-પૂર્વમાં, ફક્ત ૮-૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું.

હંમેશની જેમ, આ વખતે પણ ભારતે આ દુર્ઘટનામાં મદદનો હાથ લંબાવ્યો છે. કાબુલમાં ભારતીય મિશને પહેલા તાત્કાલિક તંબુ અને પછી ખાદ્ય પદાર્થો મોકલ્યા છે. અફઘાનિસ્તાનની તાલિબાન સરકારે વિશ્વભરમાંથી મદદ માંગી છે. આ પછી, ભારતે મદદ માટે કાબુલમાં ૧ હજાર તંબુ મોકલ્યા છે. ઉપરાંત, કાબુલથી કુનારમાં ૧૫ ટન ખાદ્ય પદાર્થો મોકલવામાં આવ્યા હતા. વિદેશ મંત્રી એસ જયશંકરે ઠ પર લખ્યું હતું કે ભારત ભવિષ્યમાં પણ રાહત સામગ્રી મોકલશે. ૨૦૨૧ માં તાલિબાન સરકારની રચના પછી, આંતરરાષ્ટ્રીય સંગઠનોએ અફઘાનિસ્તાનમાં માનવતાવાદી સહાય બંધ કરી દીધી હતી.

અફઘાનિસ્તાનમાં ભૂકંપ કંઈ નવું નથી. છેલ્લા કેટલાક વર્ષોમાં આ પ્રદેશમાં ઘણા મોટા ભૂકંપ આવ્યા છે. ૭ ઓક્ટોબર,૨૦૨૩ ના રોજ, હેરાત પ્રાંતમાં ૬.૩ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૧,૫૦૦-૪,૦૦૦ લોકો માર્યા ગયા હતા. ૨૦૧૫ માં ૭.૫ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો જેમાં ભારે વિનાશ થયો હતો. ૨૦૨૧-૨૦૨૫ ના સમયગાળામાં ૩૦ થી વધુ ભૂકંપ આવ્યા હતા, જેમાં ૨,૦૦૦ થી વધુ લોકો માર્યા ગયા હતા. હિન્દુકુશ પ્રદેશની ભૂસ્તરશાસ્ત્રીય સંવેદનશીલતા અને આબોહવા પરિવર્તનને કારણે ભૂસ્ખલનના વધતા જોખમે આ આફતોને વધુ ઘાતક બનાવી છે. અફઘાનિસ્તાનમાં ૬.૦ ની તીવ્રતાનો ભૂકંપ રિક્ટર સ્કેલ પર મધ્યમ શ્રેણીમાં આવે છે, પરંતુ તેનાથી ભારે નુકસાન થયું હતું. આના ઘણા કારણો છે, જે અફઘાનિસ્તાનની ભૂસ્તરશાસ્ત્રીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ સાથે સંબંધિત છે. ભૂસ્તરશાસ્ત્રીય પરિસ્થિતિઓ અને ટેક્ટોનિક પ્રવૃત્તિઓ જોઈએ તો અફઘાનિસ્તાન હિન્દુકુશ પર્વતમાળાની નજીક સ્થિત છે, જે ભારતીય અને યુરેશિયન ટેક્ટોનિક પ્લેટોના અથડામણ ક્ષેત્રમાં આવે છે. ભારતીય પ્લેટ દર વર્ષે ૩૯ મીમીની ઝડપે યુરેશિયન પ્લેટ તરફ આગળ વધી રહી છે, જેના કારણે આ પ્રદેશમાં વારંવાર ભૂકંપની પ્રવૃત્તિઓ થાય છે. આ ભૂકંપનું કેન્દ્ર માત્ર ૮-૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું, જેને છીછરા ભૂકંપ માનવામાં આવે છે. છીછરા ભૂકંપમાં, ઊર્જા સપાટી પર ઝડપથી પહોંચે છે, જેના કારણે વધુ વિનાશ થાય છે.

## જર્મનીના વિદેશ મંત્રી ભારત પ્રવાસે, અમેરિકાની અપીલને નકારી કાઢી

વોશિંગ્ટન,
અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફથી આખી દુનિયામાં હડકંપ મચી ગયો છે અને તેનાથી દુનિયાની રાજનીતિ પણ બદલાઇ રહી છે. જૂના મિત્ર નારાજ થઇ રહ્યા છે.તો દુશ્મન મિત્ર બની રહ્યા છે. ભારત પર ડોનાલ્ડ ટ્રમ્પ નારાજ છે.તેમણે ૫૦ ટકા ટેરિફ લગાવી દીધો છે. તેની સાથે જ તેમણે અન્ય દેશોને પણ ભારત પર પ્રતિબંધ લગાવવાની અપીલ કરી છે. પરંતુ હવે જર્મનીના વિદેશ મંત્રી ભારત પ્રવાસ પર આવે તે પહેલાં એક નિવેદન આપીને અમેરિકાને ઝટકો આપ્યો છે.

જર્મનીના વિદેશ મંત્રી જોહાન વેડફુલ ભારત પ્રવાસે આવી રહ્યા છે. તે પહેલાં બેંગલુરૂ જશે અને ઈસરોની મુલાકાત લેશે. ત્યાર બાદ નવી દિલ્હી આવશે. અહિંયા તેમની વિદેશ મંત્રી સહિત અનેક નેતાઓ સાથે મુલાકાત થવાની છે. પોતાની આ અધિકારિક યાત્રા પહેલા તેમણે ભારતને ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક મુખ્ય ભાગીદાર ગણાવ્યું. સોશિયલ મીડિયા પર પોસ્ટ મૂકીને તેમણે જણાવ્યુ કે, ભારત ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં એક પ્રમુખ ભાગીદાર છે. અમારાં સંબંધ રાજનીતિક, આર્થિક અને સાંસ્કૃતિક રૂપથી ઘનિષ્ઠ છે. અમારી રાણનીતિક ભાગીદારીના વિસ્તરણની વધારે સંભાવના છે, જેમાં સુરક્ષા સહયોગછી લઈને નવી ટેકનિક અને પ્રોદ્યોગિકી તથા કુશળ શ્રમિકોની ભરતી પણ સામેલ છે.

## અમેરિકાએ ૮ યુદ્ધ જહાજો તહેનાત કરતા વેનેઝુએલા ભડક્યું



(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન,
દક્ષિણ અમેરિકી દેશ વેનેઝુએલાએ પોતાની સરહદ પર ભારે સંખ્યામાં સૈનિકો તહેનાત કરી દીધા છે અને દેશભરના યુવાનોને મિલિશિયા એટલે કે સેનામાં સામેલ કરવા માટે ધડાધડ કામગીરી શરૂ કરી દીધી છે. વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોએ સોમવારે ચેતવણી આપી કે, જો કેરેબિયન સમુદ્રમાં અમેરિકન સેના અમારા દેશ પર હુમલો કરશે તો અમે પણ વળતો જવાબ આપીશું. વાસ્તવમાં અમેરિકાએ વેનેઝુએલાની નજીક સમુદ્રમાં આઠ યુદ્ધ જહાજો તૈનાત કર્યા છે, જેના કારણે વેનેઝુએલાએ પણ વળતાજવાબમાં સૈન્ય કાર્યવાહી શરૂ કરી દીધી છે. આ સાથે વેનેઝુલાએ સરહદ પર ૧૫૦૦૦ સૈનિકો તહેનાત કરી દીધા છે.

વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરાએ દાવો કર્યો છે કે, 'અમેરિકાએ ૧૨૦૦ મિસાઈલો ભરેલા આઠ યુદ્ધ જહાજો તેમના દેશની સીમા પાસે તહેનાત કર્યા છે, જે સંપૂર્ણપણે અપરાધિક કૃત્ય છે. અમેરિકાની આ કાર્યવાહી અમારા દેશ માટે સૌથી મોટો ખતરો છે. આ સૈન્ય સ્થિતિને જોતાં અમે અમારા દેશના સંરક્ષણ માટે મોટાભાગની તૈયારી કરવાની જાહેરાત કરી છે.' રિપોર્ટ મુજબ અમેરિકન સેનાના ૨૦૦૦ નેવી જવાનો સહિત ૪૫૦૦ જવાનો તહેનાત કર્યા છે. મીડિયા અહેવાલોમાં એવું પણ કહેવાયું છે કે, જો અમેરિકન યુદ્ધ જહાજો ક્ષેત્રમાં પ્રવેશ કરશે તો આ સપ્તાહની અંદર બંને દેશો વચ્ચે સ્થિતિ વણસી શકે છે. મીડિયા રિપોર્ટમાં દાવો કરાયો છે કે, અમેરિકાએ ડ્રગ કાર્ટેલ પર નિયંત્રણ મેળવાવ માટે કાર્યવાહી કરી છે અને આ માટે અમે સમુદ્રમાં યુદ્ધ જહાજો તહેનાત કરવાની સાથે હજારો સૈનિકો પણ તહેનાત કરી દીધા છે.

## PM મોદી મણિપુર જશે? 'VVIP' મહેમાનની સુરક્ષા માટે તંત્રમાં દોડધામ

મણિપુર,
વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૩ સપ્ટેમ્બરના રોજ મિઝોરમ અને મણિપુરની મુલાકાત લેશે તેવા અહેવાલો મળ્યા છે. મણિપુરમાં કુકી અને મૈતી વચ્ચે ચાલી રહેલી હિંસા વચ્ચે પીએમ મોદીની આ મુલાકાત અત્યંત મહત્ત્વની છે.

મીડિયા રિપોર્ટ અનુસાર, પીએમ મોદી પહેલાં મિઝોરમની મુલાકાત લેશે. જ્યાં બૈરાબી-સાંઈરંગ રેલવે સ્ટેશનનું ઉદ્ઘાટન કરશે. પીએમ મોદી મિઝોરમમાં ૫૧.૩૮ કિમી લાંબી રેલવે લાઈનનું ઉદ્ઘાટન કરશે. જે નોર્થ-ઈસ્ટ પ્રાંતમાં કનેક્ટિવિટી અને ઈકોનોમિક ઈન્ટેગ્રેશનને વેગ આપશે. નવી રેલવે લાઈન આઈઝોલ સાથે જોડાઈ આસામના સિલચર શહેરથી દેશના અન્ય હિસ્સા સાથે જોડાશે. મણિપુરની રાજધાની આઈઝોલ ખાતે સરકારી અધિકારીઓએ આ અંગે જાણકારી આપી હતી.

મણિપુરમાં મે, ૨૦૨૩માં કુકી અને મૈતી વચ્ચે ફાટી નીકળેલી હિંસા બાદ પીએમ મોદીની આ પ્રથમ મુલાકાત હશે. આ મુલાકાતની અંતિમ રૂપરેખા જાહેર થઈ નથી. જેથી હજુ સુધી મુલાકાતની ખાતરી થઈ નથી. મણિપુરના મુખ્યમંત્રી એન. બીરેન સિંહે છેલ્લા બે વર્ષથી ચાલી રહેલી હિંસા પર અંકુશ લેવામાં સફળ ન રહેતાં રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ ફેબ્રુઆરી, ૨૦૨૫થી મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ છે.




# તંત્રી લેખ......

## વર્કપ્લેસ તરીકે એશિયાના દેશોમાં ભારત સૌથી શ્રેષ્ઠ

કામ કરવા માટેના એશિયાના શ્રેષ્ઠ દેશોમાં ભારતે સર્વોચ્ચ સ્થાન હાંસલ કર્યુ છે. એશિયાની ટોચની ૧૦૦ પૈકીની ૪૮ કંપનીઓ ભારતમાં કામગીરી ધરાવે છે. નોકરીના સ્થળના માહોલ અને વર્ક કલ્ચર અંગેનો સરવે કરતી 'ગ્રેટ પ્લેસ ટુ વર્ક' નામની વૈશ્વિક સર્વેક્ષણ કંપનીએ જારી કરેલા એક અહેવાલ અનુસાર, ભારતમાં કામ કરતી આ ૪૮ કંપનીઓ મોટી કંપનીઓની કેટેગરીમાં આવે છે. આ ઉપરાંત મધ્યમ કદમાં આવતી ૧૨ કંપનીઓ પણ ભારતમાં કામગીરી ધરાવે છે. કામ કરવાના સ્થળોએ બહેતર માહોલ અને સાનુકૂળ વર્કકલ્ચર તથા કર્મચારીઓને યોગ્ય અનુભવ પૂરો પાડવાના મામલે ભારત સતત આગેકૂચ કરી રહ્યું હોવાનું અહેવાલમાં જણાવાયું છે.અહેવાલ મુજબ, ૨૦૨૫ માટેની આ યાદીમાં સમાવાયેલી કંપનીઓમાં એશિયાની સામાન્ય કંપનીઓની તુલનામાં હકારાત્મક કાર્ય અનુભવ ધરાવતા કર્મચારીઓની સંખ્યા વધુ છે. પોતાના કર્મચારીઓ સાથે મજબૂત સંબંધો જાળવતી અને તેમની પર અતૂટ વિશ્વાસ ધરાવતી કંપનીઓ જનરેટીવ એઆઈના વધતાં પ્રભાવ સહિતના વિક્ષેપોનો સામનો કરવા વધુ બહેતર રીતે સજ્જ હોય છે તેમ અહેવાલમાં જણાવાયું છે. ગ્રેટ પ્લેસ ટુ વર્કના સીઈઓ માઈકલ સી. બુશે જણાવ્યું હતું કે, "આ અગ્રણી કંપનીઓ સમુદાયોને વધુ મજબૂત, રાષ્ટ્રોને વધુ સમૃદ્ધ અને વિશ્વને વધુ બહેતર સ્થાન બનાવતા કાર્યસ્થળોનું નિર્માણ કરીને માર્ગદર્શન પૂરું પાડી રહી છે."કર્મચારીઓને દરેક બાબતમાં હકારાત્મક અનુભવ થાય તેવા પગલાંનો અમલ '૨૦૨૫ બેસ્ટ વર્કપ્લેસ ઈન એશિયા'માં સામેલ કંપનીઓને અન્ય કંપનીઓથી જુદી તારવે છે. આ વર્ષની યાદીમાં સામેલ ભારતમાં કાર્યરત કંપનીઓમાં પૈકીની નોવાર્ટિસ, સ્નાઈડર ઈલેક્ટ્રિક, એરિક્સન, વિઝા તથા એનવિડીયાનો સમાવેશ મોટી કંપનીઓની કેટેગરીમાં કરાયો છે. સમગ્ર એશિયાના આશરે ૩૨ લાખથી વધુ લોકોના અભિપ્રાયના આધારે તૈયાર કરાયેલો આ અહેવાલ સમગ્ર એશિયાના અંદાજે ૭૫ લાખ જેટલાં કર્મચારીઓના અનુભવો દર્શાવે છે. અહેવાલમાં જણાવ્યાં અનુસાર, અગાઉના વર્ષના ૮૬ ટકાની તુલનાએ ચાલુ વર્ષે ૯૧ ટકા કર્મચારીઓએ જણાવ્યું હતું કે, તેમના કામકાજને લગતાં નિર્ણયોમાં તેમને સામેલ કરવામાં આવે છે.

### એક અજબ પ્રેમ કી ગજબ કહાની સામે આવી

# ઝારખંડના બોકારોમાં વેવાઈ વેવાણને લઈને ભાગી ગયા

## ગામમાં બંનેના સંબંધોને લઈને ઘણી વાતો થઈ ચૂકી છે અને લોકો મેણા પણ મારે છે આવા સમયે તે પોતાની વેવાણ સાથે જીવવા માગે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઝારખંડ,

ઝારખંડના બોકારોમાંથી એક અજબ પ્રેમ કી ગજબ કહાની સામે આવી છે. અહીં ચાર બાળકોની માતા અને બે બાળકોના પિતાએ પોતાના પ્રેમની જાહેરાત કરી દીધી છે. નવાઈની વાત એ છે કે બંને વચ્ચે વેવાઈ-વેવાણનો સંબંધ છે. તેમણે જમાનાની ચિંતા કર્યા વિના એકબીજા સાથે રહેવાનું નક્કી કરી લીધું છે. તેઓ પોલીસ સ્ટેશન પહોંચ્યા અને પ્રેમ સંબંધની વાત કહી સાથે રહેવાની જીદ કરી. મહિલાને તેના પતિ વિશે પૂછવામાં આવ્યું તો તેણે આરોપ લગાવતા કહ્યું કે, તે તેને બિઝનેસના નામ પર વારંવાર ખોટી જગ્યાએ મોકલતો હતો. આ કિસ્સો પેંક નારાયણપુર પોલીસ સ્ટેશન વિસ્તાર બરવાપાની ગામનો છે. જાણકારી અનુસાર, સાજદા ખાતૂન પોતાના શૌહર હલીમ અંસારીથી નારાજ રહેતી હતી. તેણે આરોપ લગાવ્યો કે તેનો પતિ તેને ઠેર ઠેર મોકલી ખરાબ કામ કરાવતો હતો. એટલું જ નહીં, જ્યારે સાજદાએ પોતાના પતિને કહ્યું કે, તે પોતાના વેવાઈ સહાદતને પ્રેમ કરે છે, તો પતિએ બેદરકારીભર્યા અંદાજમાં જવાબ આપ્યો.આ બાજુ વિષ્ણુગઢ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ગાલોવારના રહેવાસી સહાદત અંસારીએ પણ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, તે હવે સાજદાને છોડવા નથી માગતો. તેનું કહેવું છે કે, ગામમાં બંનેના સંબંધોને લઈને ઘણી વાતો થઈ ચૂકી છે અને લોકો મેણા પણ મારે છે.

આવા સમયે તે પોતાની વેવાણ સાથે જીવવા માગે છે. સહાદત ખુદ બે બાળકોનો પિતા છે, પણ તેણે પોતાના બાળકો અને સમાજની ચિંતા કર્યા વિના સાજદા સાથે રહેવાની જાહેરાત કરી છે. આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે સાજદાએ પોતાના પ્રેમી સહાદતને ઘરે બોલાવ્યો. જ્યારે મહિલા અને પ્રેમી વેવાઈ ભાગ્યા તો રસ્તામાં ભાઈઓએ બંનેને પકડી લીધા. વિવાદ વધવાની જગ્યાએ બંનેએ ખુલ્લેઆમ આ સ્વીકાર કરી લીધો કે તેઓ હવે એકબીજાને પ્રેમ કરે છે અને હવે સમાજ અથવા પરિવારની ચિંતા કર્યા વિના સાથે રહેશે. સાજદા ખાતૂનનું કહેવું છે કે તેઓ હવે પોતાના પતિ સાથે કોઈ પણ હાલતમાં રહેવા તૈયાર નથી. તેમણે આરોપ લગાવ્યો કે તેનો પતિ તેની આબરુની કિંમત સમજતો નથી. સહાદત અંસારીએ પણ કહ્યું કે, સમાજ કંઈ પણ કહે, પણ તે હવે પોતાની વેવાણને છોડીને ક્યાંય જશે નહીં. ગામમાં આ ઘટનાની જોરશોરથી ચર્ચા ચાલી રહી છે. લોકો તેની વેવાઈ-વેવાણની લવ સ્ટોરી ગણાવી રહ્યા છે. અમુક લોકો તેને સમાજ અને સંબંધોની દ્રષ્ટિથી ખોટી રીત ગણાવી રહ્યા છે, તો વળી અમુક લોકો કહે છે કે જ્યારે બંને પોતાની મરજીથી સાથે રહેવા માગે છે, તો કોઈને દખલ કરવાનો હક નથી.

### સિંગાપુર ભારતમાં રોકાણનો મુખ્ય સ્ત્રોત

# સિંગાપુરના PM લોરેન્સ વોંગ પહેલી વાર આવશે ભારત



(સંપૂર્ણ સમાચાર સેવા)સિંગાપુર,

સિંગાપુરના વડાપ્રધાન લોરેન્સ વોંગ ૨ થી ૪ સપ્ટેમ્બર સુધી ભારતના પ્રવાસે આવી રહ્યા છે. આ યાત્રા દરમિયાન બંને દેશો વચ્ચે શિપિંગ, નાગરિક ઉડ્ડયન અને અવકાશ જેવા ક્ષેત્રોમાં સંબંધોને વેગ આપવા માટે પાંચ કરારો પર હસ્તાક્ષર કરવામાં આવશે. સૂત્રો દ્વારા મળતી માહિતી પ્રમાણે વડાપ્રધાનના રૂપમાં વોંગ પહેલી વાર ભારત પ્રવાસે આવી રહ્યા છે. આ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય બંને પક્ષો વચ્ચે દ્વિપક્ષીય આર્થિક સંબંધોને વધારવાનો છે. વડાપ્રધાન મોદી અને વોંગ ગુરૂવારે મહારાષ્ટ્રમાં એક કન્ટેનર ટર્મિનલના વર્ચ્યુઅલ ઉદ્દઘાટન કરશે. પોર્ટ ઓફ સિંગાપુર ઓથોરિટીએ આ પરિયોજનામાં એક અરબ ડોલરથી પણ વધારેનુ રોકાણ કર્યુ છે. આંકડા મુજબ, સિંગાપુર ભારત માટે રોકાણનો એક મુખ્ય સ્ત્રોત છે. ૨૦૧૪થી અત્યાર સુધીમાં સિંગાપુરનું કુલ રોકાણ ૧૭૫ અબજ ડોલર સુધી પહોંચી ગયું છે, જેમાં કોરોના બાદના સમયગાળામાં ૬૦ અબજ ડોલરનું રોકાણ શામેલ છે. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં વડાપ્રધાન મોદીની સિંગાપુર યાત્રા દરમિયાન ભારત-સિંગાપુર સંબંધોને વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી સુધી વધારવામાં આવ્યો હતો. વિદેશ મંત્રાલયે મંગળવારે વોંગની યાત્રાની જાહેરાત કરતાં કહ્યું કે સિંગાપુર ભારત માટે એક મહત્વપૂર્ણ ભાગીદાર છે, જેમાં ભારતની 'એક્ટ ઈસ્ટ' પોલિસી પણ સામેલ છે. મંત્રાલયે જણાવ્યું હતું કે વોંગની યાત્રા ભારત-સિંગાપુર રાજનૈતિક સંબંધોની ૬૦મી વર્ષગાંઠના અવસરે થઈ રહી છે. આ બંને દેશોની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ મજબૂત બનાવવા માટેની સતત પ્રતિબદ્ધતાને દર્શાવે છે. બંને દેશોના વડાપ્રધાન પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે. વોંગ સાથે તેમની પત્ની અને એક ઉચ્ચ સ્તરના પ્રતિનિધિમંડળ પણ આવશે, જેમાં કેબિનેટ મંત્રી અને વરિષ્ઠ અધિકારીઓ સામેલ રહેશે. વડાપ્રધાન વોંગ ભારતની રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરશે. વિદેશ મંત્રી એસ. જયશંકર અને અનેક અન્ય કેન્દ્રીય મંત્રીઓ પણ વડાપ્રધાન વોંગ સાથે મુલાકાત કરશે.મહત્વનુ છે કે બંને દેશો મંત્રીઓની બેઠકમાં કનેક્ટિવિટી, ટેકનોલોજી, કૌશલ વિકાસ અને ડિજિટલાઈઝેશન જેવા ક્ષેત્રોમાં હસ્તાક્ષર થઈ શકે છે.

# પ્રતિનિધિમંડળે મુલાકાત બાદ મરાઠા આંદોલનની લગભગ માંગણીઓ સ્વીકારી

(સંપૂર્ણ સમાચાર સેવા)મહારાષ્ટ્ર,

મરાઠા આંદોલનને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યા છે.

મહારાષ્ટ્ર સરકાર નેતા મનોજ જરાંગેની માંગણીઓ સમક્ષ ઝૂકી રહી હોય તેવું લાગી રહ્યું છે. વિખે પાટિલ સહિત રાજ્ય સરકારના એક પ્રતિનિધિમંડળે જરાંગને મળ્યા અને તેમની ઘણી માંગણીઓ સ્વીકારી લીધી છે.. પ્રદર્શનકારીઓ સામે નોંધાયેલા કેસ સપ્ટેમ્બરના અંત સુધીમાં પાછા ખેંચી લેવામાં આવશે. સરકારે મરાઠા અને કુણબીને એક અને સમાન જાહેર કરવા માટે એક મહિનાનો સમય માંગ્યો છે. મંગળવારે બોમ્બે હાઈકોર્ટે કેસની સુનાવણી કરી હતી. આ દરમિયાન મનોજ જરાંગેના વકીલ સતીશ માનેશિંદેએ કોર્ટને જણાવ્યું કે, ૯૦ ટકા પ્રદર્શનકારીઓ મુંબઈ છોડીને ચાલ્યા ગયા છે. તેમણે કોર્ટને એ પણ જણાવ્યું કે, જરાંગેએ મુંબઈમાંથી તમામ વાહનો હટાવવાનો આદેશ આપ્યો છે. જણાવી દઈએ કે, સુનાવણી દરમિયાન જ માનેશિંદેએ કહ્યું હતું કે, કેબિનેટ સચિવ અને મનોજ જરાંગે ટૂંક સમયમાં મળી શકે છે. આજે સરકારે કોર્ટમાં કહ્યું કે, સરકાર કાયદા મુજબ કામ કરશે. બોમ્બે હાઈકોર્ટે એમ પણ કહ્યું હતું કે, આંદોલનકારીઓને વિરોધ કરવાની પરવાનગી નથી. કોર્ટે પોતાના આદેશમાં કહ્યું હતું કે, તમને ૫૦૦૦ લોકો માટે પરવાનગી આપવામાં આવી હતી, પરંતુ તમે શું કર્યું? તમે શું પગલાં લીધાં?

### દેશની તમામ માતા-બહેનનું અપમાન

# અપમાનજનક ટિપ્પણી બદલ એનડીએ દ્વારા ચાર સપ્ટેમ્બરે બિહાર બંધનું એલાન

(સંપૂર્ણ સમાચાર સેવા)બિહાર,

PM નરેન્દ્ર મોદીના માતા વિરૂદ્ધ ગતમહિને વિપક્ષની રેલીમાં કરવામાં આવેલી અપમાનજનક ટિપ્પણી બદલ એનડીએ દ્વારા ચાર સપ્ટેમ્બરે બિહાર બંધનું એલાન કરવામાં આવ્યું છે. ચાર સપ્ટેમ્બરના રોજ સવારે ૭ વાગ્યાથી બપોરના ૧૨ વાગ્યા સુધી બિહાર બંધ રાખવાની જાહેરાત કરી છે.એનડીએ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની માતા વિરૂદ્ધ આપવામાં આવેલા નિવેદન વિરૂદ્ધ પણ વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. NDAએ આ મામલે વડાપ્રધાન મોદીએ આજે મંગળવારે બિહાર રાજ્ય જીવિકા નીધિ સાખ સહકારી સંઘ લિમિટેડનું વર્ચ્યુઅલી ઉદ્ઘાટન કરતાં સ્વર્ગવાસી માતા વિરૂદ્ધ અપશબ્દો બોલવા બદલ દુઃખ વ્યક્ત કર્યું હતું.

ગત મહિને વિપક્ષના ગઠબંધન આરજેડી-કોંગ્રેસની રેલીમાં વડાપ્રધાન મોદીના માતા વિરૂદ્ધ અપશબ્દો બોલવા પર આજે પીએમ મોદીએ દુઃખ વ્યક્ત કર્યું હતું. તેમણે કહ્યું કે, બિહારમાં આરજેડી-કોંગ્રેસ મંચ પરથી મારા માતા વિરૂદ્ધ જે અભદ્ર શબ્દોનો ઉપયોગ કરાયો છે. તે માત્ર મારી માતા માટે જ નહીં, પણ ભારતની તમામ માતા અને બહેનો માટે અપમાનજનક છે. હું જાણુ છું કે, આ સાંભળ્યા બાદ તમે સૌ દુઃખી થયા છો. હું માફ કરી દઈશ પણ આ ભારતની ધરતી માફ નહીં કરે.

બિહારમાં વીડિયો કોન્ફરન્સ મારફત ૨૦ લાખ મહિલાઓને સંબોધતાં પીએમ મોદીએ કહ્યું કે, મારા સ્વર્ગવાસી માતા હીરાબેન મોદીએ મને અને મારા ભાઈ-બહેનોને ગરીબીમાંથી બહાર લાવવા અથાગ મહેનત કરી. તેઓ બીમારીમાં પણ કામ કરતાં રહ્યા. તેઓ અમારી માટે કપડાં ખરીદવા પાઈ પાઈ જોડતાં હતા. આપણા દેશની કરોડો માતાઆઓ પોતાના બાળકો માટે આ મહેનત કરે છે. તે દેવી-દેવતાનું સ્વરૂપ છે. જ્યારે વિપક્ષના ગઠબંધન RJD-કોંગ્રેસના મોટા નેતાઓ માતાને ગાળો આપે છે. મારા સ્વર્ગવાસી માતાને ગાળો આપી.

આ માનસિકતા મહિલાઓને શોષણ અને અત્યાચાર દર્શાવે છે. આ મહિલા વિરોધી માનસિકતાને સત્તા મળી તો માતા, બહેનોને તકલીફ વેઠવી પડશે.

### ચોરોએ મોટી ચોરીની ઘટનાને અંજામ આપ્યો

# SBI બેન્ક માંથી ૨ કરોડના ઘરેણાં અને ૮ લાખના કેશની ચોરી

## આ મામલે પોલીસે બેન્કના દરેક કર્મચારીઓની પૂછપરછ કરી રહી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મધ્યપ્રદેશ,

મધ્યપ્રદેશના ઉજ્જૈન સ્થિત મહાનંદા નગરની SBI બેન્કની બ્રાન્ચમાં ચોરોએ મોટી ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. બેન્ક બ્રાન્ચ માંથી ચોર આશરે ૨ કરોડ રૂપિયાની કિંમતના આભૂષણ અને ૮ લાખ રૂપિયા કેશ ચોરી કરીને ફરાર થઈ ગયા છે. મળતી માહિતી પ્રમાણે મધ્ય પ્રદેશના ઉજ્જૈન સ્થિત મહાનંદા નગરની એસબીઆઈ બેન્કની બ્રાન્ચમાં ચોરોએ મોટી ચોરીની ઘટનાને અંજામ આપ્યો છે. બેન્ક બ્રાન્ચમાંથી ચોર લગભગ ૨ કરોડ રૂપિયાની કિંમતના આભૂષણ અને ૮ લાખ રૂપિયા કેશ ચોરી કરીને ફરાર થઈ ગયા છે. ચોરી ની આ ઘટનાની જાણકારી મળ્યા બાદ ઉજ્જૈન પોલીસમાં હડકંપ મચી ગયો છે. તો સીસીટીવી ફુટેજમાં ચોરો ચોરીને અંજામ આપતા જોવા મળ્યા છે. મળતી માહિતી પ્રમાણે ચોરી કરેલા ઘરેણાં બેન્કમાં રાખેલાં ગોલ્ડ લોનના ઘરેણાં છે. હાલ પોલીસ સીસીટીવીના આધારે ચોરોની તપાસમાં જોતરાઈ છે.ઉજ્જૈન સ્થિત મહાનંદા નગરમાં એક મોટી ચોરીની ઘટના ઘટવા પામી છે.જેમાં બેન્કમાં રાખવામાં આવેલાં ગોલ્ડ લોનના ઘરેણાં ચોરીને ચોરો ફરાર થઈ ગયા છે. ૨ કરોડના ઘરેણાં અને આશરે ૮ લાખ રોકડ રકમ ચોરી કરીને ફરાર થયા છે. પોલીસને આ વાતની જાણ થયા બાદ તેની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. હાલ પોલીસને એવો શક છે આટલી મોટી ચોરીની ઘટનાને અંજામ આપનાર વ્યક્તિ અંદરનો જ કોઈ હોઈ શકે છે. હાલ પોલીસની ટીમ ઘટના સ્થળે આ બાબતની પૂછતાછ અને તપાસમાં જોડાયેલી છે.ચોરી બાદ સામે આવ્યુ છે કે બેન્કમાં ધામા નાખનાર બદમાશોએ બેન્કમાં ગોલ્ડ લોન માટે રાખવામાં આવેલા ઘરેણાની ચોરી કરી છે. આ ઘરેણાં એવા લોકોના હતા. જેમણે બેન્ક પાસેથી ગોલ્ડ લોન લીધી હતી. તપાસ દરમિયાન એ વાત સામે આવી છે કે ચોરીની ઘટના દરમિયાન ગુનેગારો પાસે બેન્ક લોકર નહોતું. તો બીજી તરફ આ મામલે પોલીસે બેન્કના દરેક કર્મચારીઓની પૂછપરછ કરી રહી છે. આ સિવાય પોલીસની ટીમ સીસીટીવી ફૂટેજના આધારે આગળની તપાસ હાથ ધરી છે.

### સંગઠનને નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો

# પૂર્વ સીએમ KCRની પુત્રી કે.કવિતા BRSમાં સસ્પેન્ડ

## તેમના પર 'પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ'માં સામેલ હોવાનો અને સંગઠનને નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)તેલંગણા,

તેલંગણાની પાર્ટી ભારત રાષ્ટ્ર સમિતિને પોતાના MLC અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી કે. ચંદ્રશેખર રાવ (KCR) ની પુત્રી કે. કવિતાને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દીધા છે. BRSનું કહેવુ છે કે કે. કવિતાનું વર્તન અને પ્રવૃત્તિઓ પાર્ટીના હિતોની વિરુદ્ધ રહ્યુ છે.

તેમના પર 'પક્ષ વિરોધી પ્રવૃત્તિઓ'માં સામેલ હોવાનો અને સંગઠનને નુકસાન પહોંચાડવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

બીઆરએસે કહ્યું છે કે પાર્ટી પ્રમુખ ચંદ્રશેખર રાવે તાત્કાલિક અસરથી એમએલસી કવિતાને સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો છે. કવિતાને એવા સમયે પાર્ટીમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે જ્યારે બીઆરએસ પહેલાથી જ આંતરિક પડકારોનો સામનો કરી રહી છે. હકાલપટ્ટીના એક દિવસ પહેલા કવિતાએ પોતાના જ પક્ષના નેતાઓ પર કેસીઆરની છબીને નુકસાન પહોંચાડવાનો આરોપ લગાવ્યો હતો. તેણીએ વરિષ્ઠ નેતા ટી. હરીશ રાવ અને ભૂતપૂર્વ સાંસદ મેઘા કૃષ્ણ રેડ્ડી પર તેમના પિતા પર ભ્રષ્ટાચારનો થપ્પો લગાવવાનો આરોપ લગાવ્યો હતો. સાથે જ દાવો કર્યો હતો કે હરીશ રાવ અને સંતોષ કુમારે તેણીને હાંસિયામાં ધકેલી દેવાનું કાવતરું ઘડ્યું હતું.

૨૨ ઓગસ્ટના રોજ, જ્યારે કવિતા વિદેશમાં હતી ત્યારે તેણીને તેલંગાણા બોગ્ગુ ઘની કર્મિકા સંઘમ (TBGKS) ના માનદ પ્રમુખ પદ પરથી અચાનક દૂર કરવામાં આવી હતી. તેણે આ પગલાને કાવતરું ગણાવ્યું હતું અને કહ્યું હતું કે આ પગલું સંપૂર્ણપણે રાજકીય રીતે પ્રેરિત હતું. કવિતાએ આરોપ લગાવ્યો હતો TBGKS માટે પસંદગી પાર્ટી કાર્યાલયમાં તેમની જાણ વગર કરવામાં આવી હતી અને આ શ્રમ કાયદાનું ઉલ્લંઘન પણ હોઈ શકે છે. તેણીએ કહ્યું, મને ફક્ત પાર્ટીના આંતરિક કાર્ય પર પ્રશ્નો ઉઠાવવા બદલ સજા આપવામાં આવી રહી છે. તેણીએ આ માટે પાર્ટીના કેટલાક લોકોને સીધા દોષી ઠેરવ્યા.તેમણે એમ પણ કહ્યું કે બીઆરએસની બેઠક બાદ જે પત્ર તેમણે પિતા અને પાર્ટી અધ્યક્ષને લખ્યો હતો. તે લીક થવાને કારણે મારા વિરુદ્ધનો માહોલ બન્યો. આ પત્રમાં કવિતાએ લખ્યું હતું કે કેસીઆરએ માત્ર બે મિનિટ જ બોલ્યુ અને તેનાથી જ કેટલાક લોકોને એ અટકળો લગાવવાની ચાલુ થઈ ગઈ કે ભવિષ્યમાં ભાજપ સાથે ગઠબંધન થશે.

મને વ્યક્તિગત રૂપથી લાગે છે કે તમારે ભાજપ વિરુદ્ધ વધારે આકરુ બોલવુ જોઈતુ હતું. કદાચ એટલે ક મને ભાજપને કારણે જ દુઃખ સહન કરવુ પડ્યું. પરંતુ પપ્પા તમારે કડક વલણ અપનાવવુ જોઈતુ હતું.

### ૧ થી ૫ તારીખ વચ્ચે મળશે સેલરી

# ઉત્તરપ્રદેશના લાખો આઉટસોર્સ કર્મચારીઓ માટે ગુડ ન્યૂઝ

## આઉટસોર્સ સેવા નિગમના પ્રસ્તાવ સહિત ૧૫ મહત્વના પ્રસ્તાવોને યોગી કેબિનેટે આજની થયેલી બેઠકમાં મંજૂરી આપી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ,

ઉત્તરપ્રદેશના લાખો આઉટસોર્સ કર્મચારીઓ માટે ગુડ ન્યૂઝ છે. રાજધાની લખનઉમાં યોગી આદિત્યનાથ કેબિનેટની બેઠકમાં યુપી આઉટસોર્સિંગ સર્વિસ કોર્પોરેશન બનાવવાની દરખાસ્તને મંજૂરી આપવામાં આવી છે.પ્રસ્તાવ અનુસાર પોર્ટલ દ્વારા સર્વિસ પ્રોવાઈડર રાખવામાં આવશે. ન્યુનત્તમ વેતનમાન ૧૬,૦૦૦ રૂપિયાથી લઈને ૨૦,૦૦૦ રૂપિયા સુધી,એજન્સીની નિયુક્તિ ૩ વર્ષના સમયગાળા માટે કરવામાં આવશે. કોર્પોરેશનની રચના બાદ આઉટસોર્સ કર્મચારીઓનો પગાર સીધો તેમના ખાતામાં જશે.

યુપી આઉટસોર્સિંગ સેવા નિગમની રચના બાદ આઉટસોર્સ કર્મચારીઓને મહિનામાં ૧થી ૫ તારીખ વચ્ચે સેલરી આપવામાં આવશે. બેઠક બાદ કેબિનેટ મંતેરી સુરેશ ખન્નાએ આ વાત જણાવતા કહ્યુ



કે આઉટસોર્સિગના માધ્યમથી કરનારી ભરતીઓમાં આરક્ષણની વાત કરવામાં આવી છે. જેમાં એસસી, એસટી, મહિલા , દિવ્યાંગ દરેકનું આરક્ષણ થશે, રચના હેઠળ આઉટસોર્સ કર્મીઓને એક મહિનામાં ૨૬ દિવસની સેવા આપવાની રહેશે. કેબિનેટ મંત્રી સુરેશ ખન્નાએ એ પણ કહ્યુ કે આઉટસોર્સ રચનાના માધ્યમથી પસંદગી પ્રક્રિયામાં લેખિત પરીક્ષા સિવાય મૌખિક પણ આપવાની રહેશે.

યોગી સરકારની કેબિનેટ બેઠકમાં એક મહત્વના નિર્ણય પ્રમાણે નવી ઈ બસો ખરીદવાના પ્રસ્તાવને પણ મંજૂરી આપી છે. નવા પ્રસ્તાવ પ્રમાણે લખનઉં અને કાનપુર માટે ૧૦૦ ૧૦૦ નવી ઈ બસો ખરીદવામાં આવશે, જેથી બંને મોટાં શહેરોમાં પરિવહન સુવિધા સારી બનશે, આ સિવાય કેબિનેટની બેઠકમાં નવી નિકાસ નીતિને પણ મંજૂરી આપવામાં આવી હતી. પાંચ વર્ષ માટે બનાવવામાં આવેલી નવી નિકાસ નીતિમાં, અમેરિકન ટેરિફ યુદ્ધને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશના નિકાસકારો અને વેપારીઓ માટે ખાસ છૂટછાટોની જોગવાઈ કરવામાં આવી છે. યોગી સરકારની કેબિનેટ બેઠકમાં પૈતૃક સંપત્તિની રજીસ્ટ્રી પર પણ મોટો નિર્ણય થયો છે. પૈતૃક સંપતિની રજીસ્ટ્રી પર ૫ હજાર રૂપિયા ફીનો પ્રસ્તાવ પાસ થયો છે. આ સિવાય ઉત્તર પ્રદેશની ઈલેક્ટ્રોનિક્સ પોલિસીને પણ મંજૂરી મળી છે. આ પોલીસીનો ઉદ્દેશ્ય ઉત્તર પ્રદેશને ઈલેક્ટ્રોનિક મેન્યુફેક્ચરિંગના રૂપમાં વિકસિત કરવુ છે. સંભલની ન્યાયિક રિપોર્ટ પણ કેબિનેટની મીટિંગમાં રજૂ કરવામાં આવી.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.
ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો
બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ
નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad,Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset,Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002,Ahmedabad,Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

# સાવરકુંડલાની શાન, ભૂવા રોડનું નવીનીકરણ! : નાવલી બ્રિજથી દરવાજા સુધીના રોડ ૧ ૨ કરોડ ના ખર્ચે બનશે

માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો ધારાસભ્યશ્રી કસવાલાએ આભાર માન્યો હતો સાવરકુંડલાના વિકાસમાં એક મહત્વપૂર્ણ પગલું ભરાયું છે. નાવલી નદીના બ્રિજથી દરવાજા સુધીના ભૂવા રોડના નવીનીકરણ માટે મુખ્યમંત્રીશ્રી





ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા ?૧૨ કરોડનું ભંડોળ મંજૂર કરવામાં આવ્યું છે.આ રોડનું નિર્માણ આધુનિક ટેક્નોલોજી અને ઉચ્ચ ગુણવત્તાવાળી સામગ્રીથી કરવામાં આવશે. રોડને પહોળો અને સુવ્યવસ્થિત બનાવવામાં આવશે જેથી વાહનવ્યવહાર સરળ બને અને શહેરનું સૌંદર્ય વધુ ઉજાગર થાય.ભૂવા રોડ નાવલો નદી બ્રિજ, દરવાજા રોડ અને શહેરના મુખ્ય પ્રવેશદ્વારને જોડતો હોવાથી તેનો વિકાસ સ્થાનિક અર્થતંત્ર અને વેપાર-વ્યવહારને નવી ગતિ આપશે. નગરજનો તેમજ પ્રવાસીઓ માટે આ એક મોટી રાહતરૂપ સાબિત થશે. ધારાસભ્યશ્રી મહેશ કસવાલાએ આ અવસરે જણાવ્યું કે, "મુખ્યમંત્રીશ્રીના સહયોગ અને દુરંદેશી વિચારસરણીથી જ આ પ્રોજેક્ટ શક્ય બન્યો છે.

સાવરકુંડલાના નાગરિકોને આ નવીન રોડ સુવિધા મળી રહી છે જે સર્વાંગી વિકાસ તરફનું એક મોટું પગલું છે."સાવરકુંડલા -ભુવા રોડ ના નવીનીકરણ

માટે ૧૨ કરોડ મંજુર કરવા બદલ મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રપટેલ સાહેબનો ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાલાએ આભાર માન્યો હતો.

# યુઝવેન્દ્રની એક્સ વાઈફ ધનશ્રી વર્માએ સ્પોર્ટ્સ ચેનલો જોવાનું જ બંધ કરી દીધું

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

ભારતીય ટીમના સ્પિનર યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના અલગ થયા પછી પણ, તેમના છૂટાછેડા વિશે ઘણી ચર્ચા થઈ રહી છે. બંનેએ અલગ અલગ પોડકાસ્ટમાં કેટલીક રસપ્રદ વાતો શેર કરી. હવે ધનશ્રીનો બીજો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આમાં, તે કહે છે કે તેણે સ્પોર્ટ્સ ચેનલો બંધ કરી દીધી છે. 'રાઈઝ એન્ડ ફોલ' નામનો આ શો ટૂંક સમયમાં શરૂ થશે. ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલની ભૂતપૂર્વ પત્ની અને કોરિયોગ્રાફર ધનશ્રી પણ તેમાં જોવા મળશે.તેણે નયનદીપ રક્ષિત સાથે દિલ ખોલીને વાત કરી હતી જેમાં ધનશ્રી કહે છે, ક્વીનને સ્ટાર બનવાની જરૂર નથી અને ગમે તેમ ઈન્ટરવ્યુ લેનારા લોકોની લાઈન હોય છે. અને ગમે તેમ, મેં પેન્ટહાઉસમાં બધી સ્પોર્ટ્સ ચેનલો બંધ કરી દીધી છે. તેના આ નિવેદનને ચહલ સાથે જોડવામાં આવી રહ્યું છે. કારણ કે તે એક ક્રિકેટર છે. તે જ સમયે, આ રીલ હવે સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહી છે.ધનશ્રી વર્મા અને યુઝવેન્દ્ર ચહલના લગ્ન ૨૦૨૦ માં થયા હતા, હવે છૂટાછેડા થઈ ગયા છે.

તેમના ૨૦ માર્ચે છૂટાછેડા થયા હતા અને ૧૮ મહિનાથી અલગ રહેતા હતા. છૂટાછેડાના દિવસે, યુઝવેન્દ્રના વકીલ નીતિન કુમાર ગુપ્તાએ પુષ્ટિ આપી હતી કે, "કોર્ટે છૂટાછેડાનો હુકમનામું આપી દીધું છે, અને બંને હવે પતિ-પત્ની નથી."

જોકે યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માએ તેમના અલગ થવાની પુષ્ટિ કરતું સંયુક્ત નિવેદન બહાર પાડ્યું હતું, પરંતુ તેઓએ છૂટાછેડાના કારણો વિશે માહિતી શેર કરી ન હતી. જો કે, વરિષ્ઠ પત્રકાર વિક્કી લાલવાણીના એક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે તેમના છૂટાછેડા પાછળનું કારણ તેમની રહેવાની જગ્યા અંગે મતભેદ હતો.

## ઐશ અને અભિષેકે ૨૦૦૭ માં લગ્ન કર્યા હતા

# અભિષેક ઐશ્વર્યાની દીકરી આરાધ્યાએ ફેન્સની ચિંતા વધારી દીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,



બોલીવુડ અભિનેત્રી ઐશ્વર્યા રાય દર વર્ષે મુંબઈમાં જીએસબી ગણપતિ પંડાલની મુલાકાત લે છે. આ વખતે પણ તે ત્યાં પહોંચી હતી. તેની પુત્રી આરાધ્યા બચ્ચન સાથે ગઈ હતી. માતા અને પુત્રી બંનેએ બાપ્પાના દર્શન કર્યા અને આશીર્વાદ લીધા. તેમના વીડિયો અને ફોટા સોશિયલ મીડિયા પર ટ્રેન્ડ કરી રહ્યા છે. જોકે, કેટલાક લોકો આરાધ્યા વિશે પ્રશ્ન કરી રહ્યા છે કે તે આટલી વિચિત્ર કેમ દેખાઈ રહી છે, તેને શું થયું છે. પહેલા કરતા થોડી અલગ દેખાતી આરાધ્યા વિષે ફેન્સ અલગ અલગ અટકળો પોસ્ટ કરી ચિંતા કરી રહ્યા છે.વીડિયોમાં, ઐશ્વર્યા રાય બચ્ચન અને આરાધ્યા બચ્ચન ભગવાન ગણેશના આશીર્વાદ લેવા માટે ભક્તોની ભીડમાંથી પસાર થાય છે. બંને સુંદર સ્મિત સાથે બધાનું સ્વાગત કરે છે. તેઓ પંડાલમાં પ્રવેશતા પહેલા સેલ્ફી માટે પણ રોકાય છે.અભિષેક અને ઐશ્વર્યાના છૂટાછેડાના સમાચાર ખૂબ ચર્ચામાં હતા. પરંતુ થોડા દિવસો પહેલા બંને સાથે જોવા મળ્યા હતા અને છૂટાછેડાની અફવાઓનો અંત લાવ્યો હતો. તેઓ અમિતાભ બચ્ચન સાથે આરાધ્યાની સ્કૂલમાં વાર્ષિક કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ ઉપરાંત, ઐશ્વર્યાએ અભિષેકને તેના ૪૯મા જન્મદિવસની શુભેચ્છા પાઠવી હતી.ઐશ અને અભિષેકે ૨૦૦૭ માં લગ્ન કર્યા હતા. ૪ વર્ષ પછી, ૨૦૧૧ માં પુત્રી આરાધ્યાનો જન્મ થયો. વર્કફ્રન્ટ વિશે વાત કરીએ તો, ઐશ્વર્યા છેલ્લે મણિરત્નમની ફિલ્મ 'પોનીયિન સેલ્વનઃ પાર્ટ ૧ અને ૨' માં જોવા મળી હતી.

# પોરબંદર-સિકંદરાબાદ સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન ૨૮ ઑક્ટોબરથી પોતાના પૂર્વ નિર્ધારિત ટર્મિનલ સ્ટેશન સિકંદરાબાદ સુધી જશે

દક્ષિણ મધ્ય રેલવેના સિકંદરાબાદ સ્ટેશન પર ચાલી રહેલા સ્ટેશન પુનર્વિકાસ કાર્યને કારણે પોરબંદર-સિકંદરાબાદ-પોરબંદર સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન (૨૦૯૬૮/૨૦૯૬૭) ના ટર્મિનલ સ્ટેશનને રેલવે પ્રશાસન દ્વારા અસ્થાયી રૂપે બદલવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

હવે આ ટ્રેનને પૂર્વ નિર્ધારિત ટર્મિનલ સ્ટેશન મુજબ ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર વિગતવાર માહિતી આ મુજબ છેઃ

૧. દર મંગળવારે પોરબંદરથી ચાલતી ટ્રેન નંબર ૨૦૯૬૮ પોરબંદર-સિકંદરાબાદ સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન ૨૮.૧૦.૨૦૨૫ થી પોરબંદર સ્ટેશનથી રાત્રે ૦૧.૧૫ કલાકે પ્રસ્થાન કરશે અને અને સિકંદરાબાદ સ્ટેશન પર બીજા દિવસે સવારે ૦૮.૦૦ કલાકે પહોંચશે.

૨. વાપસીમાં, દર બુધવારે સિકંદરાબાદથી ચાલતી ટ્રેન નંબર ૨૦૯૬૭ સિકંદરાબાદ-પોરબંદર સુપરફાસ્ટ સાપ્તાહિક ટ્રેન ૨૯.૧૦.૨૦૨૫ થી સિકંદરાબાદ સ્ટેશનથી પ્રસ્થાન કરશે. આ ટ્રેન સિકંદરાબાદ સ્ટેશનથી બપોરે ૧૫.૧૦ કલાકે પ્રસ્થાન કરીને બીજા દિવસે રાત્રે ૨૧.૫૦ કલાકે પોરબંદર સ્ટેશન પહોંચશે. મુસાફરોની સુવિધા માટે આ ટ્રેનના ઠેરાવો, સંરચના તથા સમય પત્રક અંગેની વિગતવાર માહિતી વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર ઉપલબ્ધ છે.

# બોલિવૂડમાં ઈતિહાસને મારી-મચેડીને રજૂ કરવામાં આવ્યો : અમિષ ત્રિપાઠી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

અમિષ ત્રિપાઠીના પુસ્તક 'ધ ચોલા ટાઈગર્સઃ એવેન્જર્સ ઓફ સોમનાથ'નું તાજેતરમાં લોકાર્પણ થયું છે. મુંબઈ ખાતે એક ઈવેન્ટમાં આ પુસ્તક વિષે ચર્ચા કરતી વખતે અમિષે બોલિવૂડ ફિલ્મોમાં ઈતિહાસને મારી-મચેડીને રજૂ કરવા બદલ નારાજગી વ્યક્ત કરી હતી. હિન્દી ફિલ્મોએ ઓડિયન્સને ભ્રમણામાં રાખ્યું છે અને આ બાબતની નોંધ બોલિવૂડે લેવી જોઈએ.

છેલ્લાં કેટલાક વર્ષો દરમિયાન રિલીઝ થયેલી ફિલ્મોમાં ઈતિહાસ સાથે ચેડાંની વાત કરતી વખતે અમિષ ત્રિપાઠીએ ખિલજી અને અકબર પર બનેલી ફિલ્મની વાત કરી હતી. વર્ષ ૨૦૧૬માં રિલીઝ થયેલી સંજય લીલા ભણસાલીની 'પદ્માવત'માં રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ લીડ રોલમાં હતા. જ્યારે ૨૦૦૮માં રિલીઝ થયેલી 'જોધા અકબર'માં રિતિક રોશન અને ઐશ્વર્યા રાયના લીડ રોલ હતા. આ બંને ફિલ્મમાં ખિલજી અને અકબરના પાત્રોને અત્યંત પ્રભાવશાળી બતાવાયા હતા. તેમના રોલ માટે બોલિવૂડના લોકપ્રિય ચહેરાઓને પસંદ કરાયા હતા. અકબર અને ખિલજી મધ્ય એશિયામાંથી આવ્યા હતા અને આ બંને એક્ટર્સ કોઈ રીતે તેમના જેવા લાગતા ન હતા. સાવ અલગ રીતે પાત્રોને રજૂ કરવાનું કૃત્ય ચોક્કસપણે ઈતિહાસ સાથે ચેડાં છે. ફિલ્મમાં પાત્રોને રજૂ કરતી વખતે દેખાવ કે વ્યક્તિત્વમાં ફેરફાર બાબતે કદાચ ફિલ્મમેકર્સને રાહત આપી શકાય. જો કે અમિષની દલીલ છે કે, જે કાળ ખંડને આ ફિલ્મોમાં દર્શાવાયો છે, તે સમયે ભારતમાં ઉર્દૂનું અસ્તિત્વ જ ન હતું. તેમની ભાષા પ્રાચીન સમયની હતી. તેઓ તુર્કીશ અથવા પર્શિયન જેવી ભાષા બોલતા હતા. આમ, તેમની ભાષાને પણ સાવ ખોટી રીતે દર્શાવાઈ છે. વ્યક્તિત્વ અને ભાષાને જ ખોટા બતાવાયાં હોય ત્યારે સમગ્ર રજૂઆત જ અકલ્પનીય રીતે ગેરમાર્ગે દોરનારી બને છે. અમિષનું માનવું છે કે, માત્ર મનોરંજન માટે ફિલ્મો બનાવવી હોય તો તેમાં ઐતિહાસિક ઘટનાઓ ન હોવી જોઈએ, જેથી ઓડિયન્સમાં ભ્રમ ઊભો થાય નહીં. ઐતિહાસિક ફિલ્મ બનાવતી વખતે ફિલ્મ મેકર્સની જવાબદારી વધી જાય છે અને તેમણે ખોટો ઈતિહાસ દર્શાવવો જોઈએ નહીં.

## રામગોપાલ વર્માની હોરર ફિલ્મમાં થ્રિલર સાથે કોમેડીનું કોમ્બિનેશન

# 'પોલીસ સ્ટેશન મૈં ભૂત'માં મનોજ બાજપેયી સાથે જેનેલિયા જોડાઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,



ફીયર અને ફનની જમાવટના કારણે બોલિવૂડમાં હોરર કોમેડીની જોનર લોકપ્રિય થઈ રહી છે. જાણીતા ડાયરેક્ટર રામગોપાલ વર્માએ પણ હવે આ જોનરમાં ઝંપલાવ્યું છે. તેમણે આગામી હોરર કોમેડી ફિલ્મ 'પોલીસ સ્ટેશન મૈં ભૂત' જાહેર કરી છે. આ ફિલ્મમાં મનોજ બાજપેયી અને જેનેલિયા ડીસોઝાના લીડ રોલ છે, જેઓ પહેલી વાર સાથે કામ કરી રહ્યા છે. ફિલ્મમાં કામ કરવાની ઉત્સુકતા અંગે વાત કરતાં જેનિલિયાએ કહ્યુ હતું કે, પહેલી વખત એવી દુનિયામાં પગ મૂકી રહી છું, જ્યાં ફન અને ફીયર ભેગા થાય છે. મનોજ બાજપેયી સાથે સ્ક્રિન શેર કરવાનો અનુભવ ડરામણો યાદગાર રહ્યો. આવી થ્રિલર ફિલ્મ બીજી કોઈ નથી. તેમાં એક અનખો વિચાર છે. આપણે ગભરાઈએ ત્યારે પોલીસ સ્ટેશન દોડીએ છીએ. પરંતુ, પોલીસ જ ગભરાઈ જાય ત્યારે ક્યાં જશે?આમિર ખાનની ફિલ્મ 'સિતારેં જમીન પર' સાથે શાનદાર કમબેક કરનારી જેનેલિયા અને મનોજ બાજપેયીની આ ફિલ્મ એનાઉન્સ કરતી વખતે મોશન પોસ્ટર પણ શેર થયુ હતું. જેમાં મનોજ બાજપેયી પોલીસ ઓફિસરના રોલમાં જોવા મળે છે. રામગોપાલ વર્માએ એક્સ પ્લેટફોર્મ પર ફિલ્મ અંગે વાત કરતા જણાવ્યુ હતું કે, એક ખૂંખાર ગેંગસ્ટરને પોલીસ ઓફિસર એન્કાઉન્ટરમાં મારી નાખે છે. તે ભૂત બની પાછો ફરે છે અને પોલીસ સ્ટેશનમાં બધાને ડરાવે છે. મરેલાની ધરપકડ થઈ શકતી નથી. રામગોપાલ વર્મા અને મનોજ બાજપેયીએ અગાઉ ૧૯૯૮માં રિલીઝ થયેલી 'સત્યા' અને ત્યારબાદ 'કૌન' (૧૯૯૯)માં સાથે કામ કર્યુ હતું. ૨૬ વર્ષ બાદ તેઓ સાથે કામ કરી રહ્યા છે. આ અંગે વાત કરતાં રામગોપાલ વર્માએ કહ્યું હતું કે, મનોજ સાથે કામ કરવામાં રોમાંચની સાથે નોસ્ટાલ્જિક અનુભવ થાય છે. રક્ષણ કરતી સૌથી મોટી સંસ્થાને કોઈ ડરાવી મૂકે ત્યારે ઊભી થતી સ્થિતિ ફિલ્મમાં દર્શાવાઈ છે. જેનેલિયાને સામાન્ય મહિલા તરીકે રજૂ કરાઈ છે. જે ભૂતથી ખૂબ ગભરાય છે. મનોજ બાજપેયી બહાદુર ઓફિસર છે. ભૂત અને તેના કારનામા પોલીસને ચકરાવે ચડાવે છે.

## ફિલ્મના પ્રમોશનમાં મદદરૂપ બનતાં અજયે ટ્રેલર શેર કર્યું

# 'વશ ૨'થી અજય દેવગન પ્રભાવિત જાનકી બોડીવાલાના વખાણ કર્યા

(સંપુર્ણ સમાચાર સેવા)મુંબઈ,



ગુજરાતી ફિલ્મ 'વશ લેવલ ૨' દેશભરમાં ઉત્સુકતા ઊભી કરી રહી છે. ગુજરાત બહારના ઓડિયન્સને પણ પસંદ આવી રહેલી આ ફિલ્મથી અજય દેવગન પણ પ્રભાવિત થયા છે. તેમણે ઈન્સ્ટાગ્રામ પર આ ગુજરાતી સીક્વલને 'ગૂડ સિનેમા' ગણાવી છે. તેમણે જાનકી બોડીવાલાના વખાણ કરવાની સાથે સમગ્ર ટીમને અભિનંદન આપ્યા છે. અજય દેવગને ફિલ્મના પ્રમોશનમાં ભાગ લીધો હતો અને તેનું ટ્રેલર શેર કર્યુ હતું. સોશિયલ મીડિયા પોસ્ટમાં અજય દેવગને જણાવ્યુ હતું કે, સારું સિનેમા ઘણા દૂર સુધી જાય છે. કૃષ્ણદેવ યાજ્ઞિક, કુમાર મંગત પાઠક અને વશ વિવશ લેવલ ૨ની સમગ્ર ટીમને અભિનંદન. જાનકી બોડીવાલને ફરી શાનદાર કામ માટે ખાસ અભિનંદન.

જાનકી બોડીવાલાએ આ ફિલ્મમાં આર્યાનો રોલ કર્યો છે અને તેને આ વર્ષની ગુજરાતી ફિલ્મોના સૌથી વધુ સારા પરફોર્મન્સમાં સ્થાન મળે છે. 'વશ' ૨૦૨૩માં રિલીઝ થઈ હતી અને તેને નેશનલ એવોર્ડ મળ્યો હતો. આ ફિલ્મથી પ્રેરિત થઈને 'શૈતાન' બની હતી, જેમાં અજય દેવગનનો લીડ રોલ હતો. બે વર્ષ બાદ 'વશઃ લેવલ ૨' આવી છે. કૃષ્ણદેવ યાજ્ઞિકે ડાયરેક્ટ કરેલી આ ફિલ્મને કૃણાલ સોની અને કલ્પેશ સોનીએ પ્રોડ્યુસ કરી છે. ઓડિયન્સને ડરાવી મૂકતી અને શ્વાસ ઊંચા કરી દેતી 'વશ'નો વારસો આ ફિલ્મે આગળ ધપાવ્યો છે. ફિલ્મની સ્ટોરી ૧૨ વર્ષ બાદની ઘટના સાથે થાય છે, જેમાં અથર્વને ફરી દુષ્ટ શક્તિનો અનુભવ થાય છે. દુષ્ટ શક્તિએ તેની દીકરીને ક્યારેય છોડી જ ન હોતી, તેવું અથર્વને લાગે છે. ફરી એક વખત તેની દીકરી હિંસક બને છે અને કઠપૂતળીની જેમ હુમલા કરે છે. ભૂત અને કાળા જાદુ કરી રહેલા પ્રતાપ સામેની લડાઈ આગળ વધે છે. આ ફિલ્મે દેશભરમાં ચાર દિવસમાં રૂ.૪.૮ કરોડનું કલેક્શન મેળવ્યું છે, જેમાંથી ગુજરાતમાં ૨.૭૫ કરોડની આવક થઈ છે.

# કપિલ શર્માની ઓનસ્ક્રીન વાઈફ સાથે ગેરવર્તણૂક, લોકોના ટોળાએ કારને ઘેરી લીધી

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

કોમેડિયન કપિલ શર્માના શોમાં તેની 'ઑન-સ્ક્રીન' પત્ની બનેલી સુમોના ચક્રવર્તી સાથે એક ચોંકાવનારી ઘટના બની. એક્ટ્રેસે ખુલાસો કર્યો કે મુંબઈમાં ભર બપોરે અમુક પ્રદર્શનકારીઓ તેની ગાડીને બે વાર ઘેરી વળ્યા હતા, તે જોઈ તે ગભરાઈ ગઈ હતી. સુમોનાએ પ્રદર્શનકારીઓ તેની પર હુમલો કર્યો હતો. તેની સાથે એક વાર નહીં, પણ બે વાર હુમલો થયો અને આ બધુ માત્ર ૫ મીનિટની અંદર થયું. સુમોનાએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું કે 'મુંબઈમાં મારી યાત્રા મારા જીવનનો એક ભાગ બની ગયો છે. ખાસ કરીને સાઉથ મુંબઈમાં હું પોતાને ખૂબ જ સુરક્ષિત અનુભવી રહી હતી.



પણ આજે ભર બપોરે પોતાની ગાડીમાં બેસી, ત્યારે અસુરક્ષાતિ અનુભવ થયો' સુમોનાએ આગળ જણાવ્યું કે જ્યારે આ ઘટના બની ત્યારે તે ખૂબ ભાગ્યશાળી હતી કારણ કે તેની ગાડીમાં તેનો એક મિત્ર પણ હાજર હતો,જો તે એકલી હોત તો વાત બીજી જ કઇ હોત. તે આ આખી ઘટનાનો વીડિયો પણ રેકોર્ડ કરવા ઈચ્છતી હતી, પણ તેને ડર હતો કે પ્રદર્શનકારીઓ ભડકી ન ઉઠે. સુમોનાએ છેલ્લે લખ્યું કે, 'એક ટેક્સ ચૂકવનારી નાગરિક તરીકે, એક મહિલા તરીકે અને એક મુંબઈપ્રેમી તરીકે, આજે કાળજાને ખૂબ દુઃખ પહોંચ્યું છે ખરેખર પરેશાન છું. અમને સારી સુવિધા સાથે રહેવાનો હક મળવો જોઈએ. ફક્ત શહેરથી નહીં પણ તે સિસ્ટમથી પણ એવી અપેક્ષા રાખીએ છીએ જેમણે અમારી સુરક્ષાનું વચન આપ્યું છે'. ઈન્સ્ટાગ્રામ પર એક લાંબી પોસ્ટ શેર કરતા આ વાત જણાવી હતી. જોકે તેણે અમુક સમયમાં તે પોસ્ટને ડિલીટ પણ કરી દીધી હતી. સુમોના સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહે છે. તે કોઈ પણ મુદ્દે તેની વાત સામે રાખવા કોઈનાથી પાછળ નથી રહેતી. 'કપિલ શર્મા શો'ના કારણે તે ખૂબ જાણીતી થઈ. એવામાં સુમોનાએ મુંબઈમાં થયેલી હેરાનગતિને સાંભળી આશ્ચર્યચકિત થઈ ગઇ હતી. એક્ટ્રેસે જણાવ્યું કે તે મુંબઈના કોલાબાથી ફોર્ટ તરફ જઇ રહી હતી, ત્યારે તેની પર અચાનક

## બંને વચ્ચે અફેરની લાંબા સમયથી ચર્ચા હતી

# તારા સુતરિયા અને વીરે તેમના સંબંધો ઓફિશિયલ કર્યા

### વીર પહાડિયા જાહ્નવીના બોયફ્રેન્ડ શિખરનો મોટાભાઈ છે. જાહ્નવીનો પરિવાર શિખરને સ્વીકારી ચૂક્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

તારા સુતરિયા અને વીર પહાડિયાએ તેમના સંબંધો ઓફિશિયલ કરી દીધા છે. બંને વચ્ચે રિલેશનશિપની વાતો લાંબા સમયથી ચર્ચાતી હતી. બંને અનેકવાર સાથે દેખાઈ ચૂક્યાં હતાં. હવે બંનેએ એકબીજા સાથેની રોમાન્ટિક તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી છે. ગણેશોત્સવ નિમિત્તે પોતાના ગેટ અપની કેટલીક તસવીરો તારાએ શેર કરી હતી. તેની સાથે તેણે પોતાની અને વીરની તસવીર પણ શેર કરી હતી. બાદમાં વીરે પણ તારા સાથેની તસવીર શેર કરી હતી.

તારા સુતરિયા અગાઉ કરીના, કરિશ્મા અને રણબીરના કઝીન આદર જૈન સાથે રિલેશનશિપમાં હતી. એક સમયે તારા અને આદર લગ્ન કરી લેશે તે લગભગ નક્કી મનાતું હતું. વીર પહાડિયા જાહ્નવીના બોયફ્રેન્ડ શિખરનો મોટાભાઈ છે. જાહ્નવીનો પરિવાર શિખરને સ્વીકારી ચૂક્યો છે. આથી ભવિષ્યમાં તારા અને વીરનાં તથા જાહ્નવી તથા શિખરનાં લગ્ન થશે તો તારા જાહ્નવીની જેઠાણી બનશે.

## પ્રિયંકા, કેટરિના અને આલિયા પાસેથી સમાન ડેટ્સ લેવા ચાર વર્ષ સુધી રાહ જોઈ

# ફરહાન અખ્તરની ધીરજ ખૂટીઃ 'જી લે ઝરા' નવી કાસ્ટ સાથે બનાવશે

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ,

ફરહાન અખ્તરે ફીમેલ સ્ટાર્સની રોડ ટ્રિપ દર્શાવતી 'જી લે ઝરા' વર્ષ ૨૦૨૧માં જાહેર કરી હતી. આ ફિલ્મના લીડ રોલમાં પ્રિયંકા ચોપરા, આલિયા ભટ્ટ અને કેટરિના કૈફ ફાઈનલ હતા. ફરહાન અખ્તરે વારંવાર ત્રણેય લીડ સ્ટાર્સ પાસેથી એક સરખી ડેટ્સ લેવા મથામણ કરી, પરંતુ સફળતા મળી નહીં. જેના કારણે આ પ્રોજેક્ટ પડતો મૂકાયો હોવાની અટકળો થવા માંડી હતી. ફરહાન અખ્તરે ચાર વર્ષ બાદ આ મામલે ખુલાસો કરતા જણાવ્યુ હતું કે, 'જી લે ઝરા' લાંબો સમય અટવાયેલી હતી. જો કે શૂટિંગના લોકેશન્સ અને સ્ક્રિપ્ટ નક્કી થઈ ગયા છે અને ફિલ્મ ચોક્કસ બનશે. આ સાથે ફરહાને નવી કાસ્ટ સાથે ફિલ્મ બનાવવાના સંકેત પણ આપ્યા હતા. યુ ટ્યૂબ ચેનલ સાથે વાતચીત દરમિયાન એક્ટર-ડાયરેક્ટર ફરહાને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, 'જી લે ઝરા' બનવાની જ છે. આ ફિલ્મ પડતી મૂકાઈ તેવું કહેવાનું મને પસંદ નથી. 'જી લે ઝરા' વિલંબમાં મૂકાઈ હતી, પરંતુ ફિલ્મ બનવાની છે. ક્યારે તેની શરૂઆત થશે તેની મને ખબર નથી. પરંતુ ખૂબ સારી સ્ક્રિપ્ટ છે અને તેના પર ઘણું બધું કામ થઈ ચૂક્યું છે. ફિલ્મમાંથી ઓરિજિનલ કાસ્ટને રીપ્લેસ કરાઈ હોવાના સંકેત આપતાં ફરહાને કહ્યું હતું કે, તમામ લોકેશન્સ પસંદ કરી દીધા છે અને મ્યૂઝિક પણ રેકોર્ડ થઈ ગયું છે. હવે ફરી ક્યારે આ પ્રોજેક્ટ શરૂ થાય તેની રાહ જોવાની છે. કાસ્ટ વિષે કોઈ વાત કરી શકાય તેમ નથી, પરંતુ ફિલ્મ બનવાનું નક્કી છે. ઉલ્લેખનીય છે કે, અગાઉ વર્ષ ૨૦૨૪માં આલિયા ભટ્ટે 'જી લે ઝરા' અંગે વાત કરતા કહ્યું હતું કે, બધી ડેટ્સ ભેગી લેવાનું અઘરું બની ગયું છે. જો કે બધાની ઈચ્છા છે અને ઈરાદા સારા હોય તો ફિલ્મ બનશે. ફિલ્મને ફ્લોર પર લઈ જવામાં નડી રહેલી સમસ્યા બાબતે આલિયાએ ખુલાસો કર્યો હતો અને ફરહાન અખ્તરે પણ આ મુશ્કેલીનો સ્વીકાર કર્યો હતો.

ફરહાને આમિર ખાન સાથે 'દિલ ચાહતા હૈ'થી ડાયરેક્શનની શરૂઆત કરી હતી. ડાયરેક્ટર તરીકે ડેબ્યુના ૨૦ વર્ષ નિમિત્તે ફરહાને 'જી લે ઝરા' એનાઉન્સ કરી હતી. બે વર્ષ સુધી ફિલ્મમાં ખાસ પ્રગતિ સાધી શકાઈ નહીં.

હવામાન વિભાગની આગાહી

# ૪થી ૭ સપ્ટેમ્બર સુધી સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ ખાબકશે

## રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૧૧૧ જળાશયો હાઈએલર્ટ, ૨૭ જળાશયો એલર્ટ તથા ૦૯ જળાશયો વોર્નિંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)ગાંધીનગર,

ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ભારતીય હવામાન વિભાગના અધિકારી દ્વારા ગુજરાતમાં આગામી સપ્તાહ દરમિયાન વરસાદની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. હવામાન વિભાગના દ્વારા આગામી સપ્તાહ દરમિયાન રાજ્યના કેટલાંક વિસ્તારમાં હળવાથી મધ્યમ વરસાદ તથા આગામી ૪ થી ૭ સપ્ટેમ્બર દરમિયાન સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. સિંચાઈ વિભાગના અધિકારી દ્વારા રિઝિયન વાઈઝ ડેમમાં પાણીના સ્ટોરેજની સ્થિતિ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. તેમણે રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૧૧૧ જળાશયો હાઈએલર્ટ, ૨૭ જળાશયો એલર્ટ તથા ૦૯ જળાશયો વોર્નિંગ લેવલ પર હોવાનું આ બેઠકમાં જણાવ્યું હતું. આ ઉપરાંત સરદાર સરોવર નર્મદા નિગમના અધિકારી દ્વારા સરદાર સરોવર સ્ટોરેજ વિશે પણ માહિતી આપવામાં આવી હતી.

બેઠકમાં NDRF અને SDRFના અધિકારીઓના જણાવ્યા મુજબ, ચોમાસા દરમિયાન ઉપસ્થિત થતી કોઈપણ કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા NDRFની કુલ ૧૨ ટીમ અને SDRFની ૨૦ ટીમ અલગ-અલગ જિલ્લાઓ ખાતે ડીપ્લોય કરવામાં આવી છે. આ ઉપરાંત NDRFની એક ટીમ રીઝર્વ પણ રાખવામાં આવી છે. રીજિયન પ્રમાણે જોવામાં આવે તો દક્ષિણ ગુજરાતમાં ૫૫ ઈંચ સાથે સિઝનનો સૌથી વધુ સરેરાશ ૯૪ ટકા વરસાદ નોંધાયો છે. બીજી તરફ પૂર્વ મધ્ય ગુજરાતમાં ૨૮ ઈંચ, ઉત્તર ગુજરાતમાં ૨૭ ઈંચ, સૌરાષ્ટ્રમાં ૨૫ ઈંચ અને કચ્છમાં ૧૬ ઈંચ વરસાદ વરસ્યો છે. મોટાભાગના રીજિયનમાં સરેરાશ કરતાં ૮૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે.

જિલ્લા પ્રમાણે વલસાડમાં સૌથી વધુ ૮૪ ઈંચ, ડાંગમાં ૭૨ ઈંચ અને નવસારીમાં ૬૬ ઈંચ વરસાદનો સમાવેશ થાય છે. પાટણ જિલ્લામાં સૌથી ઓછો સરેરાશ ૧૬ ઈંચ વરસાદ નોંધાયો છે. વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં સૌથી વધુ ૧૧૦ ઈંચ, સુરતના ઉમરગામમાં ૯૬.૨૫ અને નવસારીના ખેરગામમાં ૯૦ ઈંચ મેઘમહેર થઈ છે.

ગુજરાતના ૪૮ તાલુકામાં ૪૦ ઈંચથી વધુ ૧૪૦ તાલુકામાં ૨૦થી ૪૦ ઈંચ, ૬૧ તાલુકામાં ૧૦થી ૨૦ ઈંચ વરસાદ નોંધાયો છે અને બે તાલુકા એવા છે જ્યાં વરસાદ હજુ ૫થી ૧૦ ઈંચ વચ્ચે વરસ્યો છે.

# ત્રિશુળિયાઘાટ પાસે સર્જાયો અકસ્માત, રિક્ષાએ પલટી મારતા ૪ લોકો ઘાયલ

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા,

બનાસકાંઠાના અંબાજીમાં હાલમાં ભાદરવી પૂનમના મેળાને લઈને લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. લાખોની સંખ્યામાં લોકો માં અંબાના દર્શન કરવા માટે પગપાળા અને વ્હીકલોમાં આવી રહ્યા છે. ત્યારે અંબાજીની પાસે આવેલા ત્રિશુળિયાઘાટમાં અકસ્માતની ઘટના બની છે. આ અકસ્માતમાં ૪ લોકોને ઈજા પહોંચી છે.

અંબાજીના ત્રિશુળિયાઘાટમાં રિક્ષા પલટી ખાઈ ગઈ છે અને જેના કારણે ૪ લોકો ઈજાગ્રસ્ત થયા છે. ત્રિશુળિયાઘાટમાં ગમખ્વાર અકસ્માત સર્જાતા તાત્કાલિક ૧૦૮ ઈમરજન્સીની ટીમને જાણ કરવામાં આવતા થોડી જ મિનિટોમાં ૧૦૮ ઘટનાસ્થળે પહોંચી અને ઘાયલ થયેલા લોકોની સારવાર કરવામાં આવી. જો સમગ્ર ઘટનાની વાત કરીએ તો રિક્ષા ચાલકે સ્ટેયરીંગ પરથી કાબુ ગુમાવતા આ અકસ્માત સર્જાયો છે.

જેમાં ૨ મહિલા અને ૨ પુરુષ ઈજાગ્રસ્ત થયા છે. હાલમાં ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ સાથે જ જિલ્લા ટ્રાફિક શાખાની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને ઈન્ટરસેપ્ટર-૧ ટીમે બચાવ કામગીરી કરી છે. ત્યારે આ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

૭ સપ્ટેમ્બર સુધી અંબાજી માટે બસોનું સંચાલન કરાશે

# ભાદરવી પૂનમ નિમિત્તે અંબાજી જતા દર્શનાર્થીઓ માટે ૫૫૦૦ એક્સ્ટ્રા બસોનું આયોજન

## મહેસાણામાં નવીન ૭૦ બસનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા,

કુલ ૪૦૧૩ નવીન બસો સંચાલનમાં મૂકવામાં આવશે. સુપર એક્સપ્રેસ ૨૪૧૩, ગુર્જર નગરી ૫૫૦ બસો, સ્લીપર ૧૦૦, મીડી ૭૫૦, પ્રીમિયર રેડી બિલ્ટ ૨૦૦. ઉલ્લેખનીય છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ૩,૨૯૫ બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. અંબાજીમાં ભાદરવી પૂનમના મહા મેળાનો રંગચંગે પ્રારંભ થઈ ગયો છે. ભાવિક ભક્તો પગપાળા માં અંબાના દર્શન કરવા માટે મોટી સંખ્યામાં પહોંચી રહ્યા છે. ત્યારે અન્ય શ્રદ્ધાળુઓ પણ સરળતાથી અંબાજી સુધીની મુસાફરી કરી શકે તે માટે પણ રાજ્ય સરકાર દ્વારા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. મહેસાણામાં નવીન ૭૦ બસનું ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. નવીન બસોના લોકાર્પણ સમારોહમાંગૃહ રાજ્ય પ્રધાન હર્ષ સંઘવી અને કેબિનેટ પ્રધાન ઋષિકેશ પટેલ હાજર રહ્યા, ભાદરવી પૂનમ નિમિત્તે એક્સ્ટ્રા બસોનું સંચાલન કરવાનો પણ શુભારંભ કરવામાં આવ્યો છે. ૨૦૨૪–૨૫માં ૧૯૬૩ અને ૨૦૨૫-૨૬માં ૨૦૨૫ બસો સંચાલનમાં મૂકવામાં આવશે, આમ કુલ ૪૦૧૩ નવીન બસો સંચાલનમાં મૂકવામાં આવશે. સુપર એક્સપ્રેસ ૨૪૧૩, ગુર્જર નગરી ૫૫૦ બસો, સ્લીપર ૧૦૦, મીડી ૭૫૦, પ્રીમિયર રેડી બિલ્ટ ૨૦૦. ઉલ્લેખનીય છે કે ૧ જાન્યુઆરી ૨૦૨૩થી ૩૧ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ૩,૨૯૫ બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. રાજ્યમાં દૈનિક ૨૫ લાખથી વધારી ૨૭ લાખ મુસાફરો લાભ લેશે. ૨ સપ્ટેમ્બરથી ૭ સપ્ટેમ્બર સુધી ભાદરવી પૂનમને લઈને અંબાજી જવા માટે બસોનું સંચાલન કરવામાં આવશે. ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે આપને માં અંબાના પર્વની ખૂબ ખૂબ શુભકામનાઓ આપું છું, જે એક ડગલું ચાલી ન શકતા હોય એવા કિલોમીટરો ચાલીને અંબાજી જતા હોય છે, એમની સુવિધાઓ માટે નવીન બસો એક્સ્ટ્રા બસોની સુવિધાઓ અપાઈ છે. આજે ૭૦ નવી બસનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. દર્શનાર્થીઓ માટે ૫૫૦૦ એક્સ્ટ્રા બસોનું આયોજન કરાયું છે. વધુમાં મંત્રીએ જણાવ્યું કે ચોરી કે રોમિયોગીરી કોઈ કરશે તો ચારે દિશામાં કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે અને જો કોઈ આવી હિંમત કરે તો પોલીસને હાથમાં લાકડીએ સજાવટ માટે નથી આપી તેની સંપૂર્ણ સૂચના રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવી છે.

# એમ.એસ યુનિવર્સિટીના નવા વાઈસ ચાન્સેલર પ્રો.ભનાગેએ તેમનો ચાર્જ સંભાળ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

એમ.એસ યુનિવર્સિટીના ૧૮મા વાઈસ ચાન્સેલર તરીકે મુંબઈના પ્રોફેસર બી.એમ.ભનાગેએ આજે તેમનો ચાર્જ સંભાળ્યા બાદ કહ્યું હતું કે હું મૂળભૂતપણે રિસર્ચર છું, એટલે સારા અને ગુણવત્તાયુક્ત રિસર્ચ અને તેને પ્રોત્સાહન આપવા તરફ મારું વિશેષ ધ્યાન રહેશે. યુનિવર્સિટીની શૈક્ષણિક શ્રેષ્ઠતા વધે અને ખાસ તો અહીંના અધ્યાપકો કે જે સારું કામ કરે છે તેઓનું રિસર્ચ વર્ક આગળ વધે તેના પર પણ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

અહીંના રિસર્ચ સારામાં સારા જર્નલમાં પ્રસિદ્ધ થાય અને સમાજ ઉપયોગી બને તે વધુ જરૂરી છે. રિસર્ચ વર્ક સમાજમાં જવું જોઈએ એમ તેમણે ઉમેર્યું હતું.

પ્રો.ભનાગેએ વધુમાં કહ્યું હતું કે સંશોધનને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ઉદ્યોગો અને યુનિવર્સિટી વચ્ચે પણ જોડાણ હોવું જોઈએ, જેથી કરીને ઉદ્યોગોના પ્રોબ્લેમ યુનિવર્સિટી સોલ્વ કરી શકે અને એમ્પ્લોયમેન્ટ જનરેટ કરી શકે.

યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ ઉદ્યોગોમાં જઈને કામ કરી શકે તે પ્રમાણે શિક્ષણ વ્યવસ્થા હોવા પણ તેમણે ભાર મુકતા કહ્યું હતું કે દુનિયામાં આપણે જોયું છે કે યુનિવર્સિટી અને ઉદ્યોગો સાથે કામ કરે છે અને સમસ્યાઓનો નિવેડો લાવે છે. સમાજની જે કોઈ સમસ્યાઓ છે,

તેના માટે ઉદ્યોગો ધ્યાન આપે અને યુનિવર્સિટીનો અપ્રોચ કરે તે જરૂરી છે. તેમણે કહ્યું હતું કે યુનિવર્સિટી જરૂર સમસ્યાઓનું સમાધાન શોધી શકે. યુનિવર્સિટીમાંથી વધુને વધુ પેટન્ટ આવવી જોઈએ કે જેથી યુનિવર્સિટીને અને સમાજને પણ ઉપયોગી થઈ શકે. એઆઈ સહિતની અત્યાધુનિક ટેકનોલોજીની મદદથી અભ્યાસક્રમોનું અપગ્રેડેશન કરવા પર પણ નવા વીસીએ ભાર મૂક્યો હતો.

પશુઓનો આતંક ફરી એકવાર સામે આવ્યો

# અમરેલીના બાબરામાં રખડતા પશુઓએ મચાવ્યો આતંક

## રખડતા પશુએ બાઈક સવાર યુવકને અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમરેલી,

અમરેલી જિલ્લાના બાબરા તાલુકામાં રખડતા પશુઓનો આતંક ફરી એકવાર સામે આવ્યો છે.

બાબરાના સમઢિયાળા ગામ નજીક રસ્તા પર એક રખડતા પશુએ બાઈક સવાર યુવકને અડફેટે લેતા ગંભીર ઈજા પહોંચી હતી. યુવકને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. સમઢિયાળા ગામનો એક યુવક પોતાના ગામથી નીલવડા ગામ તરફ જઈ રહ્યો હતો. તે દરમિયાન અચાનક એક ગાયે તેને શીંગડું ભરાવતા તે બાઈક પરથી નીચે પટકાયો હતો.

આ ઘટનામાં યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. તાત્કાલિક તેને બાબરા સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જોકે વધુ સારવારની જરૂર જણાતા તેને અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. આ ઘટનાએ ફરી એકવાર રખડતા પશુઓની સમસ્યા પર પ્રકાશ પાડ્યો છે. આ પહેલા પણ રાજ્યના અનેક શહેરો અને ગામડાઓમાં રખડતા પશુઓના કારણે ગંભીર અકસ્માતો થયા છે.

તેમજ ઘણા લોકોએ પોતાનો જીવ પણ ગુમાવ્યો છે. આ મામલે તંત્ર દ્વારા કોઈ કાયમી ઉકેલ ન લાવવામાં આવતા લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. રસ્તાઓ પર રખડતા પશુઓ વાહનચાલકો અને રાહદારીઓ માટે સતત જોખમ ઊભું કરે છે. આ સમસ્યાને દૂર કરવા માટે સરકાર અને સ્થાનિક તંત્ર દ્વારા તાત્કાલિક અને કડક પગલાં ભરવામાં આવે તેવી લોકો માંગ કરી રહ્યા છે.

અંબાજીને સ્વચ્છ રાખવા પદપાત્રીઓ માટે ખાસ ઓફર

# ૧૦ પ્લાસ્ટિકની બોટલ આપો અને એક સ્ટીલની બોટલ લઈ જાવ

## આ માટે વિવિધ ઉદ્યોગો દ્વારા ૧૦,૦૦૦ સ્ટીલ બોટલનું દાન કરવામાં આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)અંબાજી,

લાખો માઈ ભક્તોની આસ્થા સાથે જોડાયેલી 'અંબાજી પદયાત્રા-સ્વચ્છ પર્યાવરણ યાત્રા' બની રહે તેવા મંત્ર સાથે અંબાજી પદયાત્રા દરમિયાન એકત્રિત થતો હજારો ટન વિવિધ ઘન કચરાનો વૈજ્ઞાનિક પદ્ધતિથી રીસાઈકલ-નિકાલ કરવા અંદાજે છેલ્લા ૧૩ વર્ષથી GPCB દ્વારા એક વિશેષ પહેલ હાથ ધરવામાં આવે છે.

અંબાજી પદયાત્રા માર્ગ પર ગત વર્ષે ૭૬૦ ટનથી વધુ કચરાનો નિકાલ કરવામાં આવ્યો છે.

આ વર્ષે પણ અંબાજી પદયાત્રા માર્ગ પર જોવા મળતા વિવિધ કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવાના ઉદ્દેશ સાથે ૧૦૦ જેટલા સ્વયંસેવકોની ટીમ તેમજ ૧૦ બોલેરો ગાડીને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ-GPCBના ઉપક્રમે ક-રોડ ગાંધીનગર ખાતેથી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

ગત વર્ષની જેમ આ વર્ષે પણ અંબાજી પદયાત્રીઓને ૧૦ પ્લાસ્ટિકની બોટલની સામે એક સ્ટીલની બોટલ આપવામાં આવશે.

આ માટે વિવિધ ઉદ્યોગો દ્વારા ૧૦,૦૦૦ સ્ટીલ બોટલનું દાન કરવામાં આવ્યું છે. પદયાત્રામાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવા અંગે જાગૃતિ માટે ૫૦થી વધુ શેરી નાટક ભજવાશે.

મેળા અને ઉત્સવો એ ભારતીય સંસ્કૃતિનું પ્રતિક છે. ઉત્સવો થકી નવી પેઢીમાં સંસ્કારોનું સિંચન થાય છે. અંબાજી ખાતે વર્ષોથી યોજાતા ભાદરવી પૂનમના મેળામાં લાખો માઈ ભક્તો ચાલીને આસ્થા સાથે માં અંબાના દર્શન કરે છે. આ પદયાત્રીઓની સેવા માટે વિવિધ સંઘ, ગામ અને શહેરો દ્વારા પદયાત્રા માર્ગ પર સેવા કેમ્પ શરૂ કરવામાં આવ્યા છે.

આ દરમિયાન સ્વાભાવિક ક્રમે ઉત્પન્ન થતા વિવિધ કચરાના નિકાલ માટે GPCB દ્વારા વર્ષ ૨૦૧૧થી વિવિધ સંસ્થાઓની મદદથી પદયાત્રા માર્ગને સ્વચ્છ રાખવાનું અવિરત મિશન હાથ ધરવામાં આવી રહ્યું છે. આ અભિયાનમાં સહભાગી સ્વૈચ્છિક સંસ્થાઓ અને યુવાનોને અભિનંદન આપીને પદયાત્રાના માર્ગ પર આવતા ગામો અને શહેરો પર સ્વેચ્છાએ અભિયાનમાં જોડાય તેવો અનુરોધ બોર્ડ દ્વારા કરવામાં આવ્યો હતો.દર વર્ષે GPCB અને સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી અંબાજી પદયાત્રાના માર્ગના સ્વચ્છ રાખવાનું ભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે.

ઘન કચરાના નિકાલ અને રીસાઈકલ કરવાથી પર્યાવરણના જતનની સાથે રોજગારી પણ ઉપલબ્ધ થાય છે.

પદયાત્રામાં સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ટાળવાના સંદેશા સાથે કલાકારો દ્વારા જાગૃતિ દર્શાવતું શેરી નાટક ભજવીને સૌને સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ ન કરવાની પ્રતિજ્ઞા લેવડાવી હતી.

# સરખેજ વિસ્તારના શકરી તળાવમાં ત્રણ યુવકો ડૂબ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ,

અમદાવાદમાં મોટી ઘટના સામે આવી છે. શહેરના સરખેજ વિસ્તારમાં શકરી તળાવમાં ત્રણ યુવકો ડૂબ્યા હોવાની ઘટના સામે આવી છે. હાલ, ફાયર વિભાગ દ્વારા ત્રણેયની શોધખોળ હાથ ધરાઈ છે. ફાયર અધિકારીઓ દ્વારા આ ઘટનાની પુષ્ટિ કરવામાં આવી છે, બે ટીમો ઘટનાસ્થળે મોકલવામાં આવી છે. અમદાવાદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસના અધિકારીઓના જણાવ્યા અનુસાર, તેમને સાંજે ૫.૪૫ વાગ્યાની આસપાસ એક દુર્ઘટનાનો ફોન આવ્યો હતો. બોટથી સજ્જ બે બચાવ વાહનો તાત્કાલિક સ્થળ પર મોકલવામાં આવ્યા હતા. પ્રાથમિક માહિતી અનુસાર, ત્રણથી ચાર યુવકો તળાવમાં ડૂબી ગયા હતા. અત્યાર સુધીમાં બે મૃતદેહ મળી આવ્યા છે, જ્યારે અન્ય યુવકોની શોધખોળ હજુ ચાલી રહી છે.

ઘટનાનું કારણ અસ્પષ્ટ છે, અધિકારીઓએ હજુ સુધી ખાતરી કરી નથી કે યુવકો તળાવમાં કેવી રીતે પ્રવેશ્યા. પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડ્યો છે.

પોલીસે જણાવ્યું હતું કે, ઓપરેશન પૂર્ણ થયા પછી અને પીડિતોની ઓળખ કરાશે. ત્યારબાદ વધુ વિગતોની પુષ્ટિ કરવામાં આવશે.

સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી

# ૧૦૦ રૂપિયા માટે પતિએ પત્નીનું ઢીમ ઢાળી દીધુ

## બનાવ અંગે જોરાવરનગર પોલીસને જાણ કરતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરેન્દ્રનગર,

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ગુંદિયાળા ગામે ખેતમજૂરી કરતા પરપ્રાંતીય પતિએ પત્ની પાસે રૂપિયાની માગણી કરતા પત્નીએ રૂપિયાની ના પાડતા ઉશ્કેરાયેલા પતિએ ઈંટ અને પથ્થરના ઘા ઝીંકી પત્નીનું ઢીમ ઢાળી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામી છે.સુરેન્દ્રનગર જિલ્લામાં સામાન્ય વાતમાં મારામારી અને હત્યા સહિતના બનાવો બની રહ્યા છે, ત્યારે વધુ એક હત્યાના બનાવથી જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં અનેક પરપ્રાંતીય પરિવારો ખેત મજૂરી કરવા મધ્યપ્રદેશ સહિતના રાજ્યમાંથી આવતા હોય છે. ત્યારે મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના કાળીયા ઉર્ફે કાળુભાઈ મગનભાઈ ઓહરીયા પણ પત્ની અને ૩ પુત્ર સાથે વઢવાણ તાલુકાના ગુંદિયાળા ગામે ખેતમજૂરી કરવા માટે આવ્યા હતા.

ગુંદિયાળા તેમજ ટુવા રોડ પર બે ખેતર ખેડવા રાખ્યા હતા. જેમાં કાળુભાઈ પત્ની સાથે ગુંદિયાળા ગામની સીમમાં આવેલા ખેતરમાં રહેતા હતા, જ્યારે મોટો પુત્ર ટુવા રોડ પર આવેલ ખેતર ખેડવા માટે રાખ્યું હોવાથી ત્યાં જ રહેતો હતો. ખેતમજૂરીનું તમામ કામ કાળુભાઈના પત્ની નૂરીબેન અને બાળકો જ કરતા હતા, પરંતુ જેની પાસેથી ખેતર ખેડવા રાખ્યું હતું તે ઉપેન્દ્રભાઈ પાસેથી કાળુભાઈ અવારનવાર ઉપાડના પૈસા લઈ ખર્ચ કરી નાખતા હતા, આથી પત્ની નૂરીબેને ખેતરના માલિક ઉપેન્દ્રભાઈને ઉપાડ માટેના રૂપિયા પતિને ન આપવા કહ્યું હતું. જેથી કાળુભાઈ નૂરીબેન પાસે અવારનવાર રૂપિયાની માગણી કરતા જેને લઈને છેલ્લા ઘણા સમયથી રૂપિયા મામલે પતિ પત્ની વચ્ચે અવારનવાર ઝઘડો થતો હતો. ત્યારે સોમવારે વહેલી સવારે ફરી એકવાર કાળુભાઈએ પત્ની નૂરીબેનને ઉંઘમાંથી જગાડી રૂપિયાની માગણી કરતા પતિ પત્ની વચ્ચે રૂપિયાને લઈને બોલાચાલી થતા નાનો પુત્ર રાહુલ પણ જાગી ગયો હતી.નૂરીબેને રૂપિયા આપવાની ના પાડતા ઝઘડો વધુ ઉગ્ર બનતાં ઉશ્કેરાયેલા કાળુભાઈએ નાના પુત્ર રાહુલની નજર સામે જ ઓરડીની બાજુમાં પડેલી ઈંટ તેમજ પથ્થર ઉપાડી પત્ની નૂરીબેનના માથાના ભાગે આડેધડ ઘા ઝીંકી દેતા ગંભીર ઈજાઓ પહોંચતા નૂરીબેનનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. પોતાના હાથે માતાની હત્યા જોઈ ડઘાઈ ગયેલા રાહુલે આસપાસના ખેતરોમાં રહેલા અન્ય ખેત મજૂરોને બોલાવી લાવ્યો હતો અને સમગ્ર ઘટના અંગે વાડી માલિક તેમજ ગામના આગેવાનોને જાણ કરતા વાડી માલિક તેમજ મહિલા સરપંચના પતિ સહિતના આગેવાનો ખેતરે દોડી આવ્યા હતા અને બનાવ અંગે જોરાવરનગર પોલીસને જાણ કરતા પોલીસ કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો હતો અને લાશને પોસ્ટમોર્ટમ માટે સુરેન્દ્રનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી.જયારે હત્યારા પતિ કાળુને હત્યાના બનાવથી થોડે દૂર ખેતરમાંથી જ ઝડપી લીધો હતો. પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ હત્યા કર્યા બાદ કાલુ ત્યાં ખેતરમાં જ કપાસ વચ્ચે બેસી ગયો હતો અને પોલીસ ટીમ ઘટના સ્થળે પહોંચતા જ પોલીસે હત્યારા પતિ કાળુને દબોચી લઈ જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે. રૂપિયાની ના પાડતા ઉશ્કેરાયેલા પતિએ પત્નીની કરપીણ હત્યા કરી દેતા ૩ પુત્રની હાલત કફોડી બની ગઈ છે.

# ગાંધીધામમાં છરી બતાવીને લૂંટ કરનારા ૨ આરોપીઓને પોલીસે કાયદાનો પાઠ શીખવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ,

ગાંધીધામના પાડાના પાસે ટ્રક ડ્રાઈવરોને છરી બતાવીને લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઘટના બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી અને બાતમીના આધારે આ બંને આરોપીઓની અટકાયત કરી હતી. પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું છે.

કચ્છના ગાંધીધામમાં ટ્રક ડ્રાઈવરોને છરી બતાવીને લૂંટ ચલાવનારા બે આરોપીઓને ગાંધીધામ બી ડિવિઝન પોલીસે ઝડપી પાડ્યા છે. આ આરોપીઓ મીઠી રોહર વિસ્તારના રહેવાસી હોવાનું સામે આવ્યું છે. પોલીસે આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને સમગ્ર ઘટનાનું રિકન્સ્ટ્રક્શન પણ કરાવ્યું છે. ગાંધીધામના પાડાના પાસે ટ્રક ડ્રાઈવરોને છરી બતાવીને લૂંટ ચલાવવામાં આવી હતી. આ ઘટના બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી અને બાતમીના આધારે આ બંને આરોપીઓની અટકાયત કરી હતી.પૂછપરછ દરમિયાન આરોપીઓએ ગુનાની કબૂલાત કરી હતી. પોલીસે ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આરોપીઓને ઘટનાસ્થળે લઈ જઈને ગુનો કેવી રીતે આચર્યો તેનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. આ પ્રક્રિયાથી પોલીસને ગુનાની વિગતવાર માહિતી મળી રહે છે અને કાયદેસરની કાર્યવાહીમાં મદદ મળે છે. આ લૂંટમાં આરોપીઓએ ટ્રક ડ્રાઈવરો પાસેથી રોકડ અને અન્ય કિંમતી સામાન લૂંટી લીધો હતો.

આ ઘટનાથી ટ્રક ડ્રાઈવરોમાં ભયનો માહોલ ફેલાયો હતો. પોલીસે આરોપીઓને ઝડપી પાડીને લૂંટનો મુદ્દામાલ જપ્ત કરવા અને આ ગુનામાં અન્ય કોઈ વ્યક્તિ સામેલ છે કે કેમ તે અંગે વધુ તપાસ હાથ ધરી છે. આ કાર્યવાહીથી આવા ગુના આચરનારા તત્વોમાં ફફડાટ ફેલાયો છે. પોલીસે લોકોને પણ અપીલ કરી છે કે જો આવી કોઈ ઘટના બને તો તાત્કાલિક પોલીસનો સંપર્ક કરવો

યુદ્ધાભ્યાસ માટે NOTAM જાહેર

# ગુજરાત નજીક અરબ સાગરમાં વાયુસેનાનું શક્તિ પ્રદર્શન

## ભારતીય વાયુસેનાએ યુદ્ધાભ્યાસને ધ્યાનમાં રાખીને નોટિસ ટુ એર મિશન (NOTAM) જાહેર કર્યું છે જે વિમાનોને માર્ગ બદલવા માટે સંકેત આપે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવીદિલ્હી,

ભારતીય વાયુસેના (IAF) બીજી અને ત્રીજી સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ગુજરાત નજીક અરબી સમુદ્રમાં યુદ્ધાભ્યાસ શરૂ કર્યું છે. આ યુદ્ધાભ્યાસ પાકિસ્તાનના કરાચી એરસ્પેસથી માત્ર ૨૦૦ નોટિકલ માઈલ (૩૭૦ કિ.મી.) દૂર શરૂ કરાયું છે. ભારતીય વાયુસેનાએ યુદ્ધાભ્યાસને ધ્યાનમાં રાખીને નોટિસ ટુ એર મિશન (NOTAM) જાહેર કર્યું છે. જે વિમાનોને માર્ગ બદલવા માટે સંકેત આપે છે. ભારતીય વાયુસેનાનો બે દિવસીય યુદ્ધાભ્યાસ આજે ( બીજી સપ્ટેમ્બર) સવારે ૧૧ વાગ્યે ગુજરાત અને રાજસ્થાન નજીક અરબી સમુદ્રમાં શરૂ કરાયું છે. જે ત્રીજી સપ્ટેમ્બરના રોજ બપોરે ૨ વાગ્યા સુધી ચાલુ રહેશે. અરબી સમુદ્રમાં આ કોરિડોર સંવેદનશીલ છે કારણ કે પાકિસ્તાનનું એરસ્પેસ ત્યાથી પસાર થાય છે. આ યુદ્ધાભ્યાસ ભારતની વ્યૂહાત્મક તૈયારી દર્શાવે છે.

NOTAM સરળ શબ્દોમાં કહીએ તો, તે વાયુસેનાઓને સંકેત આપે છે કે કોઈ ચોક્કસ વિસ્તારમાં અસામાન્ય પ્રવૃત્તિઓ થશે, જેમ કે હથિયાર પરીક્ષણ અથવા યુદ્ધાભ્યાસ.

તે ઈન્ટરનેશનલ સિવિલ એવિએશન કન્વેન્શન (CICA) હેઠળ જાહેર કરવામાં આવે છે. નોંધનીય છે કે, NOTAM મોટો યુદ્ધાભ્યાસ માટે જાહેર કરવામાં આવે છે. પરંતુ આ વખતે યુદ્ધાભ્યાસનો વિસ્તાર પાકિસ્તાનના કરાચીથી લગભગ ૨૦૦ નોટિકલ માઈલ દૂર છે, જે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ છે.

ઉલ્લેથનીય છે કે, ભારત અને અમેરિકાએ અલાસ્કામાં અત્યાર સુધીનો સૌથી મોટો યુદ્ધાભ્યાસ શરૂ કર્યો છે. બંને દેશો વચ્ચે પહેલીથી ૧૪મી સપ્ટેમ્બર દરમિયાન અલાસ્કામાં યુદ્ધાભ્યાસ યોજાઈ રહ્યો છે. આ અંગે ભારતીય વિદેશ મંત્રાલયે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' લખ્યું, 'ભારતીય સેનાની એક ટુકડી યુદ્ધાભ્યાસ ૨૦૨૫ (પહેલીથી ૧૪મી સપ્ટેમ્બર)ના ૨૧મા સંસ્કરણ માટે ફોર્ટ વેનરાઈટ, અલાસ્કા પહોંચી ગઈ છે. યુએસ ૧૧મા એરબોર્ન ડિવિઝનના સૈનિકો સાથે, હેલિબોર્ન ઓપરેશન્સ, પર્વતીય યુદ્ધ, UAS/કાઉન્ટર-UAS અને સંયુક્ત વ્યૂહાત્મક યુદ્ધાભ્યાસમાં તાલીમ લેશે - જેનાથી UN PKO અને મલ્ટી-ડોમેન તૈયારીને પ્રોત્સાહન મળશે.'